MNE/413/2019-21

વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 13 ● અંક : 15 ● સળંગ અંક : 502● મુંબઈ ● શુક્રવાર ● તા.1 મે – 7 મે 2020 ● પાના : 16 ● કિંમત રૂ.4

સોમૈયા વિદ્યાવિહારના વિદ્યાર્થીઓએ કોવિડ-૧૯ દરમિયાન પડકારો ઝીલવા માટે એપ- હેલ્પ ફ્લેર શરૂ કરી

હેલ્પ ફ્લેર જરૂરી વસ્તુઓ જોઈએ તે વિસ્તારોને ઓળખવામાં મદદ કરે છે અને આવશ્યક જીવનજરૂરી વસ્તુઓને ડેટા પૂરો પાડે છે.

બુરહાનુદ્દીન ઉદયપુરવાલા

શિવમ ભાનુશાલી

ઈદરિસ દરગાહવાલા

મુંબઈ, ૨૨મી એપ્રિલ, ૨૦૨૦- કોવિડ-૧૯ મહામારીએ વિશ્વઆખામાં ભય ફેલાવ્યો છે અને તેથી રોગનો ફેલાવો ઓછા કરવા માટે ભારત સરકારે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેર કરવાની ફરજ પડી છે. જોકે આને કારણે રોજની આવક પર નભતા હજારો શ્રમિકોને અસર થઈ છે. આ શ્રમિકો ખાવાનું અને અન્ય જીવનજરૂરી વસ્તુઓ માટે રોજની આવક પર આધાર રાખે છે, જે લોકડાઉનને લીધે બંધ થઈ ગઈ છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, મહાપાલિકાઓ, સ્થાનિક સત્તાવાળા, એનજીઓ અને અન્ય સોશિયલ હેલ્પ ગ્રુપ્સ આગળ આવીને ખાવાનું, પાણી, વસ્ત્રો, માસ્ક જેવી જીવનજરૂરી વસ્તુઓ અસરગ્રસ્તોને આપી રહ્યા છે.

જોકે આવી જીવનજરૂરી વસ્તુઓ ચોક્કસ ક્યાં જરૂર છે અને કેવા પ્રકારની જરૂર છે તે ઓળખવાનું બહુ જ પડકારરૂપ છે. આ સમસ્યા ઉકેલવા માટે કે જે સોમૈયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરિન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (કેજેએસઆઈઈઆઈટી) સાયન, મુંબઈના વિદ્યાર્થીઓએ એપ- હેલ્પ ફ્લેર વિકસાવી છે. ફેકલ્ટી મેમ્બર્સની મદદથી વિકસાવવામાં આવેલું હેલ્પ ફ્લેર એપ અસરગ્રસ્તો પ્રત્યે ધ્યાન દોરવા સાથે તેમને મદદરૂપ થતાં જૂથોને જીવનજરૂરી વસ્તુઓનો ડેટા પૂરો પાડે છે.

પ્રિન્સિપાલ ડો. સુરેશ ઉકરાંડેએ જણાવ્યું હતું કે લોકડાઉન ઘોષિત કર્યા પછી અમારા વિદ્યાર્થીઓએ પોતાની રીતે યોગદાન આપવા માટે આ નિવારણ વિકસાવ્યું છે, જેનો મને ગૌરવ થાય છે. તેમણે તેમની ફેકલ્ટીની મદદથી ખૂબ મહેનત કરી છે અને સફળતાથી આ એપ વિકસાવ્યું છે, જે હાલની મહામારીમાં આપણે સામનો કરી રહ્યા છીએ તે ઘણા બધા પડકારો માટે ઉત્તમ નિવારણ છે. તેમણે શૈક્ષણિક ઉત્કૃષ્ટતા બતાવવા સાથે સમાજને કશું આપવાના અમારા સ્થાપકના ધ્યેયને ફરી એક વાર પ્રદર્શિત કર્યું.

વિદ્યાર્થીઓ ઈદરિસ દરગાહવાલા, બુરહાનુદ્દીન ઉદયપુરવાલા અને શિવમ ભાનુશાલીએ જણાવ્યું હતું કે અમે ક્લાસરૂમમાં જે પણ શૈક્ષણિક કુશળતા શીખ્યા તે વર્તમાન સ્થિતિમાં મદદરૂપ થવા માટે લાગુ કરી શકાયું તેની અમને ખુશી છે. મોટા ભાગના નાગરિકો એક યા બીજી રીતે મદદરૂપ થવા માગે છે ત્યારે અમારા એપ થકી મદદરૂપ થવા માગનાર મેપ પર અસરગ્રસ્ત વિસ્તારોને જોઈ શકશે અને મદદ પૂરી પાડી શકશે.

વિશાળ વર્ગને પહોંચી વળવા માટે આ એપ અંગ્રેજી અને હિંદી ભાષામાં વિકસાવવામાં આવ્યું છે. જોકે એપની હાઈલાઈટ એ છે કે તે વિસ્તાર સાથે કઈ જીવનજરૂરી ચીજવસ્તુઓની ત્યાં જરૂર છે તે પણ ઓળખી આપશે.

વેબસાઈટ લિંક- https://help-flare.web.app/ પ્રોજેક્ટ વિશે સમજાવતો ટૂંકો વિડિયો-**https://www.youtube.com/watch?v=EY4HCGZaF6I**

તમે પ્રોજેક્ટની અપડેટ્સ અહીં જોઈ શકો છો-**https://www.instagram.com/codendeavour/**

Lets make ourselves & our surroundings Safe & Hygienic

BATTERY OPERATED SANITIZATION MACHINE
High Power Battery (12V / 12AH)

AN ISO 9001- NSCI/ CE CERTIFIED COMPANY PRODUCT

Easy To Use Products for
- INDIVIDUALS
- SOCIETIES
- FACTORIES
- WAREHOUSES
- OFFICES
- BUNGLOWS

ETC

FACE SHIELD / MASK / GLOVES



INFRARED THERMOMETER

Imaginary Picture

YOUR LOCAL RELIABLE SUPPLIER
SPARKLE ENTERPRISE
Ghatkopar, Mumbai
Contact : 9892397205

Call us for many more Covid-19 Safety Products / Disposable Products.

શ્રી ક.વી.ઓ જૈન સેવા સમાજ કુર્લા દ્વારા ભોજન મહાયજ્ઞ : અનેક કોરોના વોરિયર્સ ને ફૂડ પેકેટ નું વિતરણ

શ્રી ક.વી.ઓ જૈન સેવા સમાજ કુર્લા દ્વારા અનેરા સેવા કાર્યની શરૂઆત કરી છે. લોકડાઉનમાં આજે જ્યારે લોકો ઘરમાં બંધ છે અને કોરોનાં વોરિયર્સ પોલીસ, મ્યુનિસીપલ કર્મચારીઓ, ફાયબ્રિગેડના અધિકારીઓ વગેરે અનેક ને સવાર અને સાંજ ફૂડ પેકેટ નું વિતરણ કરવામાં આવે છે.

સંસ્થાના પ્રમુખ વીરચંદ મુરજી વિસરિયા એ વોઇસ ઓફ ઘાટકોપર ને જણાવ્યું કે ૨૪ માર્ચ ૨૦૨૦ થી આજ સુધી દરરોજ રસોડું ચાલુ છે. અને દરરોજ સવારે ૫૫૦થી વધારે સાંજે ૨૫૦ જેટલા ફૂડ પેકેટ તૈયાર કરી સરકારી કર્મચારીઓ ને વિતરણ કરાય છે. આ તમામ કર્મચારીઓ હાલમાં ૨૪ કલાક ૭ દિવસ કાર્યરત છે અને જનતા ને સેવા આપી રહ્યા છે.

કુર્લા વિભાગના તમામ કર્મચારીઓ ને હાલમાં અહીંથી જ ભોજન મોકલવામાં આવે છે. આ અનોખા મહાયજ્ઞ માં સંઘનાં દાતાઓ અને સહાયકો પણ જોડાઈ રહ્યા છે.

''કુર્લાવાસીઓ જોગ''

''શ્રી ક. વિ. ઓ જૈન સેવા સમાજ કુર્લાના મેમ્બરોના પરિવારજનો''

શ્રી ક. વિ. ઓ જૈન સેવા સમાજ કુર્લા વતી જણાવવાનું કે આપણા કુર્લા કે કુર્લા થી બહાર વસતા કુર્લા સેવા સમાજના મેમ્બરોના પરિવારો માટે શ્રી ક. વિ. ઓ જૈન સેવા સમાજ કુર્લા તરફથી આર્થિક સહાય આપવાનું નક્કી કરેલ છે અત્યારે લોકડાઉન/કર્ફ્યુ ના કારણે આપણા મેમ્બરોના પરિવારજનો નાના પાયે ગૃહ ઉદ્યોગ કરતાં, નાના પાયે વ્યાપાર કરતા હોય કે નોકરી કરતા હોય તેમની માટે હમણાં તકલીફનો સમય છે. આ બાબત ધ્યાનમાં રાખી આવા પરિવારને ક. વિ. ઓ. જૈન સેવા સમાજ કુર્લા તરફથી આર્થિક સહાય આપવામાં આવશે. જે પરિવારને લાભ લેવો હોય તેમને નીચે આપેલ મોબાઇલ નંબર પર સંપર્ક કરવો. સહાય લેનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે.

લી. વીરચંદ મુરજી વિસરીયા, (પ્રમુખ)
મોબાઈલ.૯૮૧૯૧૩૩૦૮૮

સાંસદ મનોજ કોટકએ કચ્છી લોહાણા સમાજ ઘાટકોપર ના કાર્યોની લીધી નોંધ

ઈશાન મુંબઈના સાંસદ મનોજભાઈ કોટકએ લોહાણા સમાજ ઘાટકોપર દ્વારા લોકડાઉનમાં ચાલી રહેલ સેવાકાર્યોની નોંધ લીધી હતી. સમાજ દ્વારા હાલમાં જરૂરિયાતમંદોને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત લોહાણા સમાજના જ જરૂરિયાતમંદોને ગ્રોસરી કીટ નું પણ વિતરણ કરવામાં આવનાર છે. આ તમામ કાર્યોની નોંધ લેતા, સેન્ટરની મુલાકાત લીધી હતી આ પ્રસંગે પ્રમુખ જયેશ રૂપારેલ, સેક્રેટરી જીગ્નેશ ખીલાણી , પ્રવીણભાઈ તન્ના, સચિન રૂપારેલ વગેરે ઉપસ્થિત હતા.

ભટ્ટવાડી જૈન દેરાસરનો ૨૦મો ધ્વજારોહણ સાદાઈ થી યોજાયો

શ્રી ભટ્ટવાડી અચલગચ્છ જૈન સંઘનો ૨૦મો ધ્વજારોહણ સમારોહ કોરોના વાયરાની હાલની પરિસ્થિતિ ધ્યનમાં રાખી જિનાલયમાં સાદાઈથી વૈશાખ સુદ ૭ ,બુધવાર તા ૨૯ એપ્રિલના ફક્ત બે વિધિકાર અને બે સંઘવાસી ઓની હાજરીમાં સંપન્ન થયેલ. આ વર્ષની ધ્વજા નો ચડાવો લેનાર પરિવારને ધ્વજા નો લાભ આવતા વર્ષે આપવામાં આવશે એમ સંઘના આગેવાનોએ જણાવ્યું હતું.

ગંગાવાડી ખાતે ડ્રેનેજ લાઈન ચોકઅપ થતા ગણતરીના સમયમાં સ્થાનીય નગરસેવિકા બિંદુબેન ત્રિવેદી દ્વારા કાર્યકર્તાઓની સહાયતાથી મહાનગરપાલિકાના કર્મચારીઓની મદદથી ડ્રેનેજ લાઈન ક્લીયર કરાવી આપી હતી.

ગ્રીન એકર્સ ગ્રીન ક્રોસ તરફથી રાંધેલા ફૂડ પેકેટસ અને કરિયાણાના પેકેટનું વિતરણ

'ગ્રીન એકર્સ ગ્રીન ક્રોસ' અભિયાન અપૂર્વ નટવર પરીખ ગ્રુપએ શરુ કર્યો છે. આ ગ્રુપમાં ધી ગ્રીન એકર્સ એકેડમી (ચેમ્બુર, મુલુન્ડ અને પુણે), ધી એકર્સ ક્લબ (ચેમ્બુર), ધી ફર્ન રેસીડેન્સી (ચેમ્બુર), લિફ્ટ એન્ડ શિફ્ટ લિમિટેડ અને બીજી અનેક કંપનીઓનો સમાવેશ છે.

ગ્રીન એકર્સ ગ્રીન ક્રોસ એમના બધા સહાયકોની મદદથી ચેમ્બુરમાં રાંધેલા ફૂડ પેકેટનું વિતરણ કરીને જરૂરતમંદ લોકોને સંતુષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. ૧લી એપ્રિલથી રોજના ૨૦૦ પેકેટ્સથી શરૂઆત કરી હવે રોજ ૧,૦૦૦ પેકેટ્સનું વિતરણ થાય છે. આજ સુધી કુલ ૨૩,૨૪૪ ફૂડ પેકેટનું વિતરણ કર્યું છે.

આ અભિયાન હેઠળ વિવિધ સહયોગીઓની મદદથી ચેમ્બુર, ઘાટકોપર અને મુલુંડની ઝૂંપડપટ્ટી સુધી વિતરણનું વિસ્તરણ કર્યું છે તેમ રોહન પરીખ (ગ્રુપના માનગીંગ ડિરેક્ટર)એ જણાવ્યું હતું.

ઘાટકોપરના વર્ષા નગર, રાહુલ નગર, ખંડોબા ટેકડી, રામજી નગર, સિદ્ધાર્થ નગર અને ઘાટકોપર પશ્ચિમમાં ૮૦૦ કરિયાણાના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. છેલ્લા પાંચ દિવસોમાં ૨૦૦ કરિયાણાના પેકેટનો વિતરણ હનુમાન પાડા ૧ અને ૨, રાહુલ નગર,ખીન્ડીપાડા, બી આર રોડ,કાપુસ કમ્પાઉન્ડ ,ગણેશ પાડા તેમજ મલુંડ પૂર્વ માં પણ વિતરણ કર્યું છે. આજની તારીખ સુધીમાં અમે મુલુંડ અને ઘાટકોપરમાં કુલ ૧,૦૦૦ કરિયાણાના પેકેટનું વિતરણ કર્યું છે.

અમે ૧,૫૦૦ જેટલા બીજા કરિયાણાના પેકેટનું ઓર્ડર આપ્યો છે. આ વિતરણપેકેટ માં પાંચ કિલો ઘઉંનો લોટ, ૨ કિલો ચોખા, એક કિલો તુવેર દાળ, ૧ કિલો ચણાની દાળ,૧ કિલો સીંગતેલ, ૧ કિલો સાકર, ૧ કિલો મીઠું, ૧૦૦ ગ્રામ હળદર, ૧૦૦ ગ્રામ લાલ મરચું, ૨૫૦ ગ્રામ ચા, બે કિલો બટેટા, બે કિલો કાંદા ,બે સાબુ, આઠ સેનેટરી પેડ નો સમાવેશ થાય છે. અમારો જરૂરતમંદોને સંદેશ છે કે-આ કીટ લઈ જાઓ અને ઘરમાં સુરક્ષિત રહો એમ રોહન પરીખે ઉમેર્યું હતું.

સંસ્થાના ઓફિસ બેરરે જણાવ્યું હતું કે ગત દિવસોમાં આપણે કોવિડ-૧૯ થી ઉત્પન થયેલી પરિસ્થિતિ જોઈ છે, જે હવે બગડી રહી છે. જેના કારણે ગરીબોનું જીવન મુશ્કેલીમાં મુકાઇ ગયું છે. આપણા સહુના સહયોગથી આવા પરિવારોને મદદ મળી રહે એવી અમારી આશા છે. તમે આ પુણ્યના કામ માં જોડાવવા ઈચ્છતા હો તો અમારી સંસ્થા ને યથાશક્તિ ડોનેશન આપી શકો છો. (Eligible for Sec. 80 G deduction under Income Tax Act)

ડોનેશન આપવાની કોઇ પણ મર્યાદા નથી. આપનું રૂ. ૧,૦૦૦ દાન એક પરિવાર નું સાત દિવસ માટે પેટ ભરી શકે છે. ડોનેશન અમારા The T. B. Desai Family Public Charitable Trust" નામે લેવામાં આવશે.

તમારો ફાળો આપેલ લિંક પર ઓનલાઈન જમા કરી શકો છો https://pages.razorpay.com/TGAATB આપના પ્રશ્નો માટે વેદાન્તભાઇનો સંપર્ક કરશો ૮૧૬૯૬ ૬૩૮૫૨.

આ કાર્યમાં જરૂરિયાતમંદ લોકો સુધી ફૂડપેકેટ પહોંચાડવામાં સહભાગી થનાર અનેક મહાનુભાવોનો સંસ્થાએ આભાર માન્યો હતો જેમાં રાહુલભાઈ શેવાળે, શ્રીમતી આશાબેન મરાઠે, રામભાઈ કદમ, મિહીરભાઈ કોટેચા, અનીલભાઈ ગાંગુર્ડે, જનકભાઈ કેશરિયા તથા યોગેશભાઈ પવારનો સમાવેશ થાય છે.

कोरोना के खिलाफ लड़ाई में भाजपा विधायक एवं उत्तर भारतीय संघ, मुंबई के अध्यक्ष श्री आर.एन. सिंह हर तरह से सक्रिय

कोरोना के खिलाफ लड़ाई में भाजपा विधायक एवं उत्तर भारतीय संघ, मुंबई के अध्यक्ष आर. एन. सिंह हर तरह से सक्रिय हैं। बांद्रा पूर्व स्थित उत्तर भारतीय संघ भवन में कई सौ लोगों को रहने खाने की सुविधा दी गई है। इसी तरह उनकी तरफ से कई इलाकों में सैनिटाइजेशन का भी कार्य किया जा रहा है। हीरानंदानी कॉम्प्लेक्स, पवई के कई इलाकों में सैनिटाइजेशन का कार्य किया जा चुका है। हीरानंदानी स्थित गैलरिया में सैनिटाइजेशन का कार्य किया गया।

बांद्रा पूर्व स्थित उत्तर भारतीय संघ की इमारत में इन दिनों कैंसर पीड़ितों और आसपास के बेघर लोगों को रखा गया है। इन सभी लोगों को वहां पिछले कई दिनों से रखा गया है और उनकी खूब अच्छी तरह से खानपान की व्यवस्था की गई है। भाजपा विधायक एवं उत्तर भारतीय संघ, मुंबई के अध्यक्ष श्री आर.एन. सिंह ने कहा है कि जितने भी लोग वहां हैं उन सब को किसी भी तरह का कोई कष्ट नहीं होने दिया जाएगा। सबका अच्छी तरह से ख्याल रखा जा रहा है। संघ की इमारत में और संघ से सटे कॉलेज में बहुत सारे लोगों को क्वॉरैंटाइन भी किया गया। मुख्यमंत्री श्री उद्धव ठाकरे के निवास मातोश्री में तैनात जिन पुलिसकर्मियों को कोरोना के संदेह में आइसोलेशन के तहत पिछले दिनों वहां ठहराया गया था, वह सब अब चले गए हैं। प्रसन्नता की बात है कि उन्हें किसी भी तरह की कोरोना वायरस की कोई बीमारी पॉजिटिव नहीं मिली। कुछ दिन पहले इस तरह की खबरें आई थी की मातोश्री के पास एक चाय वाला कोरोना पीड़ित हो गया, जिसके कारण उसके यहां चाय पीने जाने वाले पुलिसकर्मियों को भी संदेह के आधार पर आइसोलेट किया गया था। उन्हें उत्तर भारतीय संघ भवन में ही रखा गया था। उनमें से किसी का भी कोरोना पॉजिटिव नहीं निकला और वे वहां से अब चले गए हैं। संघ अध्यक्ष श्री सिंह ने कहा कि वहां रहने वाले सभी लोगों के लिए हर तरह की सेवा सुविधा करने से संघ पीछे नहीं हटेगा। संघ यहां रहने वाले सभी लोगों का तब तक ख्याल रखेगा जब तक कि उनके अपने घर जाने की व्यवस्था नहीं हो जाती। ट्रेन और बस आदि जब तक शुरू नहीं हो जाती और वे अपने घर की ओर रवाना नहीं हो जाते , तब तक उन्हें किसी भी तरह की कोई भी असुविधा नहीं होने दी जाएगी। संघ अध्यक्ष श्री सिंह इसके पहले ही प्रधानमंत्री राहत कोष में १० लाख रुपए दे चुके हैं। इसी तरह मनपा संचालित घाटकोपर के राजावाडी अस्पताल को भी अपनी विधायक निधि से ५० लाख की निधि दे चुके हैं ताकि वहां पर बीमारियों से लड़ने के लिए तमाम तरह के उपकरण खरीदे जा सकें। अपने स्तर पर सिंह हर तरह से कोरोना के खिलाफ इस लड़ाई में काम कर रहे हैं।

ટેમ્પો - ટુ વ્હીલર ટક્કરમાં વાહનચાલકનું મૃત્યુ

લોકડાઉનના કારણે રસ્તા ખાલી હોવાથી અતિ આવશ્યક સેવા આપનારા અને અન્ય વાહનો ખૂબ જ ઝડપથી રસ્તા ઉપર અવરજવર કરતા જોઈ શકાય છે. એવામાં એક તેજ ગતિથી આવી રહેલા વાહનની ટક્કર લાગવાથી એક ટુ વ્હીલર વાહન ચાલકને પોતાનો જીવ ગુમાવવો પડયો છે. ઐરોલી પુલ પાસે ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર બુધવારે આ ઘટના બની હતી.

બુધવારે સાંજે જુન્નરથી બીકેસીની દિશામાં ટમેટાથી ભરેલો એક ટેમ્પો ખૂબ ઝડપથી ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ઉપર જઈ રહ્યો હતો, ત્યારે ઐરોલી પુલ પાસે કોપરી નિવાસી અનિલ ભાટકર (૬૧) જે ટુ વ્હીલર વાહન ઉપર સવાર હતા, તેમને આ ટેમ્પોએ જોરદાર ટક્કર મારી અને વાહનચાલક ઇજાગ્રસ્ત થયા હતા. જ્યારે કે ટેમ્પો ઉપરથી ટેમ્પોચાલકનું નિયંત્રણ જતું રહ્યું હોવાના કારણે તેનો ટેમ્પો પલટી ખાઇ ગયો હતો.

ઈજાગ્રસ્ત વાહનચાલકને સાવરકર હોસ્પિટલમાં ઇલાજ માટે દાખલ કર્યા હતા. ઉપચાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. આ દુર્ઘટનાના કારણે રસ્તા ઉપર હજારોની સંખ્યામાં ટમેટા ફેલાયેલા પડ્યા હતા. જેના કારણે કેટલાક સમય સુધી ટ્રાફિકજામ થઇ ગયો હતો. આ રોડ અકસ્માત કેસમાં જુન્નર નિવાસી વૈભવ નવલે(૨૭) નામના ટેમ્પોચાલકની લાપરવાહીથી વાહન ચલાવવાના કેસમાં પોલીસે ધરપકડ કરીને તેનો ટેમ્પો જપ્ત કર્યો છે.

ગુજરાતના ખ્યાતનામ લેખિકા કુન્દનિકા કાપડિયાનું ૯૩ વર્ષની વયે નિધન

ગુજરાતના સુપ્રસિદ્ધ લેખિકા કુન્દનિકા કાપડિયાનું ૯૩ વયે નિધન થયું છે. કુન્દનિકા કાપડિયા છેલ્લા ઘણા વર્ષોથી નંદીગ્રામના આશ્રમમાં રહેતા હતા અને અહીં જ તેમણે અંતિમ શ્વાસ લીધા. સાત પગલાં આકાશમાં એ કુન્દનિકા કાપડિયાની સૌથી જાણીતી કૃતિ છે. સ્ત્રી સશક્તિકરણ પરનું આ પુસ્તક અને તેમના અન્ય લેખો ખુબ જ પ્રસિદ્ધ થયા છે. તેઓ ઘણા વર્ષોથી આદિવાસી ઉત્થાનના કાર્યો સાથે સંકળાયેલા હતા. કુન્દનિકા કાપડિયાના નિધનથી ગુજરાતી સાહિત્ય જગત તેમજ તેમના અસંખ્ય વાચકો તેમજ પ્રશંસકોમાં શોકની લાગણી પ્રસરી ગઇ છે.

તિલક રોડના રામ ભુવનમાં ઘુવડ દેખાયું

ઘાટકોપર ઈસ્ટ તિલક રોડ પર આવેલ રામ ભુવન માં રવિવારે બપોરે અચાનક બિલ્ડિંગ માં ઘુવડ દેખાયું હતું. અહીંના રહેવાસીએ ઘુવડ ને પકડીને બહાર સુરક્ષિત સ્થળે છોડી દીધું હતું.

કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા જરૂરતમંદોને રાશનનું વિતરણ

ઇશાન મુંબઈ જિલ્લા કોંગ્રેસના સચિવ અવધૂત નવલે દ્વારા ઇન્દિરા કોલોની, નલ પાડા, નાગસેન નગરના ૮૦૦ જરૂરતમંદ પરિવારોને સોમવાર, તા. ૨૭ એપ્રિલના રાશન (૨ કિલો ચોખા, ૨ કિલો ઘઉં, અડધો કિલો મીઠું) ઘરોઘર જઈને વિતરિત

કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કિશોર મુંડેકલ (સચિવ-મુંબઈ કોંગ્રેસ), ભરત અમેસર (ઉપાધ્યક્ષ-જિલ્લા કોંગ્રેસ), ડો. સચિન સિંહ (ભૂતપૂર્વ અધ્યક્ષ-મુલુંડ યુવક કોંગ્રેસ)ના હસ્તે રાશનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં પપ્પુ પિલ્લઇ, કિશોર સિંહ, રોહિત યાદવ, વિવેક ભાંગરે, રાજેન્દ્ર સિંહ, પ્રવિણ કોનાર, હાર્દિક ઠક્કર, અભિષેક સિંહ, ઉદ્ધવ કદમ, વિજય શર્માનો વિશેષ સહયોગ રહ્યો હતો.

વિતરકો અને એજન્ટોની
દેશભક્તિ તથા સમાજભક્તિને સલામ

કોરોના વાઈરસની
વૈશ્વિક મહામારીમાં
જ્યારે આપણે સૌ
ઘરમાં સુરક્ષિત છીએ ત્યારે
મુંબઈના ખૂણેખૂણે
વિવિધ સમાચાર પત્રો
વાચકોના ઘરે પહોંચાડવાનું
ભગીરથ કાર્ય વિતરકો
વિના અશક્ય છે.
સતત અપડેટેડ ન્યૂઝ માટે વાંચતા રહો
વોઈસ ઓફ ઘાટકોપર

ગુસ્સો . એક માનસિક અવસ્થા

જીવનનો પંથ કેવળ પુષ્પાચ્છાદિત જ નથી, એમાં કાંટા પણ ઘણા છે. જીવન આપણને અનેક તણાવોની ભેટ આપતું હોય છે - ચાહે પછી તે ઑફિસના હોય, કામના હોય, કુટુંબના હોય, વ્યક્તિગત જીવનના હોય કે સંબંધોના.

ગુસ્સો કે ક્રોધ એ કુદરતી આવેશ છે. પરંતુ જો તેનું પ્રમાણ વધી જાય તો સૌથી વધુ નુકશાન વ્યક્તિને પોતાને જ થાય છે. જ્યારે ગુસ્સામાં આવીને કોઈ પણ વ્યક્તિ પગથી પથ્થરને ઠોકર મારે ત્યારે તે પથ્થરને નહીં પોતાના પગને જ ઈજા પહોંચાડે છે. ક્રોધ એ એવી નબળી ક્ષણ છે કે ત્યારે વ્યક્તિ સારા-નરસાનું બધું જ ભાન ભૂલી જાય છે. એટલે જ જે વ્યક્તિ પોતાની જાત પર કાબૂ રાખી શકે છે તે દરેક વ્યક્તિને વશમાં કરી શકે છે. દરેક વ્યક્તિનો સ્વભાવ અલગ-અલગ હોય છે અને એ સ્વભાવ જ આખરે માણસની ઓળખાણ બની જાય છે. જીવનપર્યંત અને જીવન પૂરું થયા પછી પણ મોટે ભાગે માણસને તેનાં સ્વભાવ અને તેની ખાસિયતોને આધારે જ યાદ કરવામાં આવે છે.

ચંદ્રેશ પારેખની કલમે.... ✍



આપણી આસપાસ રોજ-બ-રોજના જીવનમાં અનેક એવી વ્યક્તિઓ મળતી હોય છે જે તણાવનું આપણું બટન દબાવી દે છે અને આપણા સર્વશ્રેષ્ઠ પ્રયત્નો છતાં આપણી માનસિક શાંતિને સંપૂર્ણપણે ખોરવી કાઢે છે. દુનિયા જાણે કે આવા જ લોકોથી ભરેલી છે. એ આપણને ચીઢવતા રહે છે. તેઓ આપણો વિરોધ કરતા હોય છે, આપણી નસ દબાવતા રહે છે. પ્રસંગો, પરિસ્થિતિઓ અને સંજોગો આપણા માટે ક્ષણે ક્ષણે પ્રતિકૂળતા પેદા કરતા રહે છે. જગતમાં જાણે કે આપણને ગાંડા કરી મૂકવા માટે એક યોજનાબદ્ધ કાવતરું ઘડવામાં આવેલું છે. એનો વિચાર કરતા માત્રમાં જ આપણી અંદર એક પ્રકારનો ખળભળાટ પેદા થઈ જાય પરિણામે આપણી અંદર ભારે ગુસ્સો પેદા થાય છે. અપૂરતી સામાજિક તાલીમને લીધે આમાંનો થોડોઘણો ગુસ્સો આપણે તદ્દન અસ્વસ્થ રીતે વ્યક્ત કરી નાખીએ છીએ, બાકીનો ઘણો આપણા હૃદયમાં ભરી રાખીએ છીએ. હાનિ આપણને બન્ને રીતે થાય છે, અયોગ્ય રીતે વ્યક્ત કરેલો ગુસ્સો સામેની વ્યક્તિમાં કટુતા પેદા કરે છે અને દબાવી રાખેલો ગુસ્સો આપણી અંદર વૈમનસ્ય, અંટસ અને શારીરિક રોગ પેદા કરે છે. સંશોધકોના મત મુજબ ગુસ્સો તદ્દન સ્વાભાવિક, તંદુરસ્ત અને ઉપયોગી લાગણી છે. પણ આપણે એને યોગ્ય રીતે નાથીએ નહીં તો એ આપણા પોતાના માટે અને આપણી આસપાસના લોકો માટે ભારે નુકશાનનું કામ કરે છે. આપણે આપણી અશાંતિ માટે લોકો અને પરિસ્થિતિને દોષ દેતા રહીએ છીએ.

પરંતુ સ્વસ્થ ચિત્તે વિચાર કરતાં આપણને જણાશે કે આપણી સમસ્યાનું મૂળ આપણી આસપાસના લોકો કે સંજોગોમાં નહીં, પણ આપણી અંદર જ છે; આપણા મનમાં છે, આપણે લોકો કે પરિસ્થિતિ પ્રત્યે આપણી પ્રતિક્રિયા ખોટી રીતે વ્યક્ત કરીએ છીએ. લોકો ચાલાક છે, આપણને એમની ધારેલી રીતે રમાડીને આપણી અંદર ચિંતા, ગુસ્સો અંટસ, અજંપો, વેરઝેર પેદા કરીને જીતી જાય છે; આપણને પરાધીન અને લાચાર સાબિત કરવામાં સફળ બની જાય છે. આપણું મન વાસ્તવમાં લાચાર છે - એ રીતે આપણે એને કેળવેલું છે. આપણે જરૂર છે શાંતિ જાળવવાની, પરિસ્થિતિ અને લોકોની રીતભાતથી વિચલિત ન થવાની, અને પરિસ્થિતિને પ્રતિક્રિયા (યિફભશિંજ્ઞક્ષ) નહીં, પણ યોગ્ય પ્રતિભાવ (યિતાજ્ઞક્ષતય) આપવાની.

જરૂરિયાત આ છે - પ્રતિક્રિયા અને પ્રતિભાવ વચ્ચે તફાવત સમજવાની. આપણે આપણી ચિંતાઓ અને ગુસ્સા સાથે અનુકૂલન કરવાની અને એમનો સકારાત્મક રીતે ઉપયોગ કરતા શીખવાની જરૂર છે. અતાર્કિક, આવેગી મનને ફાવે તેમ વર્તવાની છૂટ ન આપી દેશો. શાંત અને તર્કબદ્ધ મનથી જ યોગ્ય નિર્ણય લઈ શકાશે. નાદુરસ્ત લાગણીઓ પર પ્રભુત્વ મેળવીને માનસિક શાંતિ જાળવવા માટે આ રહ્યા સરળ ઉપાયો :

૧ હળવાશ કેળવો :

દીર્ઘશ્વસન, સરળ સ્નાયુબદ્ધ ખેંચાણ ની હળવી કસરતો, શવાસન, ધ્યાન અને ક્રમિક શિથિલીકરણ ની હળવાશની વિધવિધ પદ્ધતિઓ શીખી-હસ્તગત કરી લઈને મનનો તણાવ હળવો કરી શકાય છે. ઉશ્કેરાટને નાથી શકાય છે અને મનને શાંત પાડી શકાય છે. મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત છે કે શરીરના સ્નાયુઓને હળવા બનાવશો તો મન આપોઆપ શાંત બની જશે.

૨ તમારી વિચારવાની ઢબ બદલો :

આપણે ગુસ્સામાં કે ઉશ્કેરાટમાં હોઈએ છીએ ત્યારે આપણી વિચાર-પ્રક્રિયા પર આપણો કાબૂ સંપૂર્ણપણે જતો રહે છે, આપણો વિવેક જતો રહે છે અને આપણે વધારે ગૂંચવાડામાં પડી જઈએ છીએ અથવા નાની વાતને મોટું સ્વરૂપ આપી દઈએ છીએ. ગુસ્સો ભલે ઉકળતો હોય પણ થોડા ધીરા પડવાથી સમસ્યામાંથી માર્ગ આપોઆપ મળી આવશે. દુનિયા કંઈ તમને અત્યારે ને અત્યારે હરાવવા માટે પાછળ પડી ગઈ નથી, તમે તમારા મનની ચાવી એના હાથમાં સોંપી દીધી છે. પોતાની લાગણીઓ અને વિચારોનું નિયંત્રણ પોતાના હાથમાં રાખો. વિચારોને અતાર્કિક, નિરંકુશ ન બનવા દો; તર્કબદ્ધ જ રહેવા દો.

૩ સંવાદ જાળવી રાખો :

ગુસ્સો કે રીસ ચઢે ત્યારે સામાન્ય રીતે આપણે સામી વ્યક્તિ સાથે બોલવાનું બંધ કરી દઈએ છીએ. જેનાથી સંવાદનો સેતુ તૂટી જાય છે. થોડી વાર ઊંડા શ્વાસ અંદર લો. મનને શાંત થવાની તક આપો. ત્યાર પછી સામેની વ્યક્તિને તદ્દન સ્વસ્થ રીતે તમારી લાગણી વ્યક્ત કરી દો. લાગણી વ્યક્ત કરતી વખતે પરસ્પર કડવાશ પેદા ન થાય એનો સતત સભાનતાથી ખ્યાલ રાખો. જે પ્રસંગને કારણે માઠી લાગણી પેદા થાય છે તેની બારીક વિગતોની પરસ્પર વાતચીત કરવાનો ફાયદો નથી પણ એ પ્રસંગને કારણે પેદા થયેલી લાગણી યોગ્ય શબ્દમાં વ્યક્ત થાય એ જરૂરી છે. રજૂઆત પૂરી થયા પછી મન શાંત, સ્વસ્થ બની ગયું છે એની ખાતરી કરી લો. સામેની વ્યક્તિને પણ બોલવાની તક આપવાનું ચૂકશો નહીં.

૪ ગુસ્સો પેદા કરનાર વાતાવરણથી દૂર થઈ જાઓ :

જે જગ્યાએ/પરિસ્થિતિમાં ગુસ્સો પેદા થયો હોય એનાથી તમારી જાતને અળગી કરી દો. ચાલવા નીકળી પડો. બહાર જમવા જતા રહો. બાથરૂમમાં પુરાઈને ૧૦-૧૫ મિનિટ સરસ મજાનું સ્નાન કરી લો. ગુસ્સાને તરત વ્યક્ત કરવાની તાલાવેલી શાંત પાડી દો અને પછીના અડધોએક કલાક એવી કોઈ પ્રવૃત્તિમાં વ્યસ્ત થઈ જાઓ જે દરમિયાન તમારા મનને શાંત થઈ જવાનો મોકો મળી આવે.

૫ તમારું મનપસંદ સંગીત સાંભળો :

જેને સાંભળવાથી તમે હળવા બની જાઓ અને તમારા તણાવ/ગુસ્સાને ભૂલી જાઓ એવું સંગીત કે એવાં ગીતો સાંભળવા માંડો. તમારી રુચિનું સંગીત ખોળી કાઢો; પછી ભલે તે શાંત, હળવું, શાસ્ત્રીય હોય કે ધાંધલિયું, ઝડપી, શરીરને નચાવનારું હોય. શરત એટલી જ કે એને સાંભળ્યા પછી તમારું મન શાંત પડી જવું જોઈએ.

૬ દિવાસ્વપ્નમાં રાચો :

આંખો બંધ કરો. હવે તમારા મન:ચક્ષુ સમક્ષ એક એવા સુંદર સ્થાનનું ચિત્ર જીવંત કરો જ્યાં તમને આનંદ અને સુખની અનુભૂતિ થાય. એ સ્થાનની બારીકમાં બારીક વિગતને મન સમક્ષ પ્રત્યક્ષ કરો. ત્યાંનો સ્પર્શ, ત્યાંની સુંદરતા, વાતાવરણની અદ્દભુત સુગંધ, ત્યાં હોવાની અનુભૂતિથી તમને કેટલો રોમાંચ થઈ રહ્યો છે, વગેરે. તમે આ ક્ષણે એ સ્થાનમાં જ છો એવું તમારા સમગ્ર અસ્તિત્વથી અનુભવો-માણો. જ્યારે જગતની વાસ્તવિકતાથી કંટાળો ત્યારે આવું મન:ચિત્રણ તમારી લાગણીઓને બદલી નાખવામાં ઉપયોગી બનશે.

૭ અણગમતી વ્યક્તિથી મોં ન ફેરવો :

આપણા મનની ખાસિયત એવી છે કે અણગમતી વ્યક્તિ કે પરિસ્થિતિથી રીસપૂર્વક દૂર થઈ ગયા પછી પણ મન એનો ને એનો જ વિચાર કર્યા કરશે અને કડવી વાતને વીતેલી ક્ષણોમાંથી ખેંચી લાવીને તમારા વર્તમાનને દૂષિત કરશે. એના કરતાં માનસિક શાંતિ જાળવી રાખીને

એ વ્યક્તિ પાસે જ રહો. તમારું અજાગ્રત માનસ ઘણું શક્તિશાળી છે, નકારાત્મક લાગણીને બદલે જીવનપોષક ભાવ પેદા કરવાનો પડકાર એને આપશો તો એ ચોક્કસ જ ઝીલી લેશે. નકારાત્મક વિચારો અને લાગણીઓની એકની એક ઘરેડમાંથી બહાર નીકળવાની એને તક આપો. અવારનવાર આમ કરવાથી આગળ જતાં મન એ વ્યક્તિની ઉપસ્થિતિ કે તેના ઉલ્લેખથી પણ અશાંત નહીં બને, તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે અને વ્યક્તિને તમે સ્વસ્થતાપૂર્વક જીરવી લેતાં શીખી જશો. તદ્દન પ્રતિકૂળ અને વિરોધી વ્યક્તિત્વ ધરાવતા પતિ-પત્ની એકબીજાને સહી લઈને આખું જીવન વિતાવી દે છે તે આ જ કારણે ને ?

૮ અન્યનો સ્વીકાર કરો :

અન્ય વ્યક્તિમાં વાંધાવચકાં કાઢીને એનો પ્રતિકાર કરતા રહેશો તો તમારા મનમાં અપાર આંતરિક સંઘર્ષ પેદા થશે. આવો સંઘર્ષ ભય, અકારણ સ્પર્ધા, તુલના, હતાશા અને ચિંતામાં પરિણમશે. એને બદલે સામેની વ્યક્તિ જેવી છે તેવી એનો સ્વીકાર કરો. એના ગુણદોષ ન જુઓ. દરેક સાથે આત્મીયતા કેળવો. નાના-નાના મતભેદો પર તમારા સંબંધની ઈમારતને ઊભી ન થવા દો. બન્નેના સમાન રસ-રુચિની ચર્ચા કરો. એને તમારા પારસ્પરિક સંબંધનો પાયો બનવા દો.

૯ સહવાસ કેળવો :

એકલતાથી ચિંતા અને તણાવ વધે છે. એને બદલે મનગમતી વ્યક્તિઓનો સંગાથ કેળવો. મિત્રો અને કુટુંબીજનો સાથે યાંત્રિકતાથી ન જીવો. સહવાસની પ્રત્યેક ક્ષણને આનંદ પ્રસન્નતાથી ભરી દો. તમારા ખાસ હોય તેમને તમારો પુરતો સમય, તમારી શક્તિ અને તમારું ધ્યાન આપો.

ગુસ્સો એક માનસિક તનાવ છે તેમાંથી કોઈ બચ્યું નથી ..મૌન ધારણા કરી લેવું જ્યારે પણ ગુસ્સો આવે ત્યારે ..કારણ કે ગુસ્સા માં લીધેલા નિર્ણય હમેશા પસ્તાવો જ કરાવે છે .અમદાવાદના જાણીતા મનોચિકિત્સકના જણાવ્યા અનુસાર જ્યારે વ્યક્તિને ગુસ્સો આવે ત્યારે તેણે પહેલાં તો એ સ્વીકારવું જોઈએ કે તેને સામાન્ય લોકો કરતાં વધારે ગુસ્સો આવે છે અને ત્યાર બાદ તેને પોતાના મન પર ખૂબ કાબૂ રાખવા માટે પ્રયત્ન કરવા જોઈએ. કોઈ દિવસ તેણે શરતી કાબૂ મેળવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ બલ્કે સંવેદનશીલ બાબતો પર આત્મમંથન કરવું જોઈએ. જો પરિસ્થિતિથી દૂર ન રહી શકાય તો સ્ટ્રેસ બસ્ટર ટોઇઝનો ઉપયોગ કરી ગુસ્સો કંટ્રોલ કરો અને પોતાની જાતને પ્રોત્સાહિત કરો.

કન્ટેઈન્મેન્ટ ઝોનનું જાહેર શૌચાલય દર કલાકે સેનિટાઈઝ થશે

ઘાટકોપરમાં કોરોનાના સંક્રમિત દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. આને નિયંત્રણમાં લાવવા માટે વહીવટીતંત્ર દ્વારા તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ઝુંપડપટ્ટી વિસ્તારનાં કન્ટેઈન્મેન્ટ ઝોનના સાર્વજનિક શૌચાલયને દર એક કલાકે સેનિટાઇઝ કરવાનો નિર્ણય મનપા દ્વારા કરવામાં આવ્યો છે જેથી આ વિસ્તારમાં રહેતા અન્ય લોકો આ બિમારીનો શિકાર બને નહીં.

મનપા સ્વાસ્થ્ય વિભાગ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ઘાટકોપરમાં રમાબાઈ નગર, પારસીવાડી, કામરાજનગર ખાતે મોટા ઝુંપડપટ્ટી વિસ્તારોમાં કોરોના પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા છે. જેના કારણે ત્યાં ખળભળાટ મચી ગયો છે. આ વિસ્તારોને સીલ કરાયા છે. ત્યાં રહેનારા નિવાસીઓ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ઘાટકોપરના કોરોનાના દર્દીઓનો અલગ અલગ હોસ્પિટલમાં ઇલાજ ચાલુ છે. અહીં કોરોનાનું પ્રમાણ વધવાના કારણોમાં સાર્વજનિક શૌચાલયનો ઉપયોગ પણ હોવાનું જણાઇ આવ્યું છે. આને ધ્યાનમાં રાખીને મનપા દ્વારા દર કલાકે આ વિસ્તારના શૌચાલયોને સેનેટાઇઝ કરવામાં આવશે. મનપાના આગેવાન અધિકારીએ જણાવ્યું હતું કે જે સ્થળે સ્લમ વિસ્તારમાં કોરોનાના દર્દીઓ મળ્યા છે તે સ્લમ એરિયાના કન્ટેઈન્ટમેન્ટ ઝોનની બહાર એક મનપાનો કર્મચારી હર સમય ફરજ બજાવશે અને દર એક કલાકે શૌચાલયને સમગ્રપણે સાફ તથા સેનેટાઇઝ કરશે. આથી પાછળથી એને ઉપયોગમાં લેતા વ્યક્તિને કોરોના થવાનો ડર ન રહે અને કોરોના સંક્રમણને ફેલાવાથી રોકી શકાય.

કોરોનાનો અંત

સિંગાપોરના નિષ્ણાતોનું રિસર્ચ- દુનિયામાંથી કોરોના વાઈરસનો 100% ખાતમો 9 ડિસેમ્બર સુધી, ભારતમાં 26 જુલાઈ સુધી પૂરો થશે

ક્યારે થશે દુનિયામાંથી કોરોનાનો અંત?

દેશ	97% કેસ પૂરા	99% કેસ પૂરા	100% કેસ પૂરા
ભારત	22 મે	1 જૂન	26 જુલાઈ
અમેરિકા	12 મે	24 મે	27 ઓગસ્ટ
ફ્રાન્સ	6 મે	18 મે	5 ઓગસ્ટ
ઈટાલી	8 મે	21 મે	25 ઓગસ્ટ
સ્પેન	4 મે	16 મે	7 ઓગસ્ટ
યુકે	16 મે	27 મે	14 ઓગસ્ટ
કેનેડા	18 મે	30 મે	9 ઓગસ્ટ
જર્મની	3 મે	15 મે	1 ઓગસ્ટ
દુનિયા	30 મે	17 જૂન	9 ડિસેમ્બર

વોઈસ ઓફ ઘાટકોપર
ક્લાસિફાઈડ્સ
એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહશે.

જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

–: ઓફિસ :–

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– સંચાલક

આરોગ્ય

All domestic work servant available. All ayurveda punchakarma treatment : Smitha House Servant Agency : UG 310. Dreamsmall,Bhandup W **Contact : 2166 0419, 98467 46902.** (396)507

ALLSTAR Shipping Offers Packing and Shifting of House Hold Goods Anywhere In India & Abroad. **Contact : 9867572251.** (1717)529

મનોરંજન

નિર્મલ ઠક્કર

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

ધંધાદારી

દેશ વિદેશ કુરિયર 24x7

ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ

૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)529

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

ACE પેસ્ટીસાઈડ

૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી - ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

રીઅલ એસ્ટેટ

Tirupati Realtors

Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

શૈલેષ વોરા
રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

નોકરી સંબંધી

OPPORTUNITY !!

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

શૈક્ષણિક

Intensive & Synthetic Phonics

Introduction to Concept of Reading and Phonics, Sound, Blending, Tricky Words, Spelling Rules, Worksheets, Practicals, Essential Grammar, Spelling, Punctuation Skills. Comprehensive program with Material and Certificate. Call : **9833874424, 7304195472** (427)509

મહિલા માટે

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (P)545

વોઈસ ઓફ ઘાટકોપરમાં
સ્પેશીયલ ફીચર
માટે સંપર્ક - સીંજલ કોઠારી
8655185667

મરણનોંધ માટે
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫,
૯૦૨૨૨૭૯૬૮૪

રીઅલ એસ્ટેટ

GHATKOPAR

FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

ભાડાનાં સ્પેશિયાલીસ્ટ
ઘાટકોપરથી ચેમ્બુરમાં
રેસીડેન્શીયલ/કમર્શિયલ
રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦
સુધી આપવા લેવા માટે
ચિંતન દેસાઈ
શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ
9321234567

ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા-વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.** (B)522

નીલકંઠ બિઝનેસ પાર્ક

વિદ્યાવિહાર વેસ્ટ ફર્નિશ્ડ લોફ્ટ ભાડેથી આપવાનો છે. **સંપર્ક : 9820023817.** (B)494

ધંધાદારી

OPPORTUNITY !!

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9584578999.** (1887)495

ઘરે બનાવેલુ પ્યોર અથાણુ
ખાટી કેરી – ગુંદા, ગોળ કેરી, છુંદો
રેડી તૈયાર કરીને મળશે
ચોખ્ખુ શુદ્ધ અથાણું, પ્યોર અને
સીંગતેલમાં બનાવીને મળશે.
સંપર્ક : જીતેન્દ્ર કોઠારી - 9322863755

મહિલા માટે

ઘેર બેઠા કરાવો

બ્લીચ ફેશીયલ વેક્સ હેરસ્પા Rs.999 સાઈડર્સ, બેબીરાવર Rs.800 પ્રિવેડીગ શુટ, ફેશન શુટ Rs.3000 . કાન કાણા પૂરાવો. **Cont.: 9867094908, 8169458427** (424)497

WOMEN START EARNING

10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (1812)539

ઈમિટેશન જ્વેલરી

સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.** (1781)536

ભાડા પર કપડા

ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મલશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536

મહિલા માટે

Hobby Course Discount

શીખો મહેંદી, નેલઆર્ટ, નેલ એક્સટેન્શન, કેલીગ્રાફી, આણા ડેકોરેશન, ડેકોપેજ, રેશીન આર્ટ, કેન્ડલ, પેન્ટીંગ, નેમપ્લેટ, રેગ્યુલર ડિસ્કાઉન્ટ વર્કશોપ. **સંપર્ક: કાજલ - 9869679871.** Instagram : hobbyartacademy-mehendi (1798)538

ધંધાદારી

શેરના કોઈપણ પ્રોબ્લમ

માટે Service આપીશું Iepf, Demat,Single Deceased, Probate, Succession, Duplicate, Transmission Ph. **2805 4730, 2805 5719, 2866 1092, 2865 5805/09, Mob.: 9619315362** (cq)506

દરેક કંપનીના શેર

ખરીદશું Physical/Demat/ Shares/Listed/Delisted Investment House Ph. **28054730, 28055719, 28661092, 28655805/09, Mob.: 9619315362** (cq)506

મનોરંજન

Jalsa Event

Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

વોઈસ ઓફ ઘાટકોપર
ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ)
સ્પેશિયલ ઓફર

15 શબ્દના	~~Rs.5200~~	Rs.1500
16 શબ્દના	~~Rs.5408~~	Rs.1600
17 શબ્દના	~~Rs.5616~~	Rs.1700
18 શબ્દના	~~Rs.5824~~	Rs.1800
19 શબ્દના	~~Rs.6032~~	Rs.1900
20 શબ્દના	~~Rs.6240~~	Rs.2000

022-40229684 • 8655185667
*શરતો લાગુ +5% GST Applicable

ભાંડુપમાં કોરોના દર્દીઓની સંખ્યા ૧૩૧



ભાંડુપમાં કોરોના સંક્રમણ દિન પ્રતિદિન વધુ સક્રિય બની રહ્યું છે. ભાંડુપમાં સૌથી વધારે ૧૩૧ રોગીઓ કોરોનાથી સંક્રમિત થયા હોવાની સૂચના મળી છે. આથી આ રોગીઓના સંપર્કમાં આવનારા ૩૦૦ થી વધુ લોકોને આઇસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે. આનાથી માલૂમ થાય છે કે ભાંડુપની સ્થિતિ ખૂબ ખરાબ છે. જેમાંથી ૨૪ લોકો સાજા થઈ ડીસ્ચાર્જ કરાયા છે.

મનપા દ્વારા પ્રાપ્ત આંકડા અનુસાર બુધવાર સુધી એસ વોર્ડમાં ૧૩૧ જેટલા કોરોના સંક્રમિત દર્દીઓ હતાં. મુલુંડની નજીક ભાંડુપમાં સૌથી વધુ ૭૧ દર્દીઓ મળી આવ્યા છે. પ્રશાસન દ્વારા વારંવાર અપીલ કર્યા છતાં પણ મોટી સંખ્યામાં લોકો કોઈપણ અતિ આવશ્યક કામ વગર પોતાના ઘરથી બહાર નીકળી રહ્યા છે. જેના કારણે ભાંડુપ કોરોના સંક્રમણનું હોટ સ્પોટ બની ગયું છે.

મહત્વપૂર્ણ વાત એ છે કે મુલુંડની બહુ નજીક સ્થિત ખિન્ડીપાડા તથા સોનાપુર વિસ્તારમાં મોટી સંખ્યામાં કોરોના દર્દીઓ મળી આવ્યા છે. આ સંક્રમણના વધતા જોખમને જોતાં મુલુંડમાં પણ વિશેષ સાવધાની રાખવામાં આવી રહી છે. ભાંડુપની ગીચ વસ્તીવાળા ક્ષેત્રોમાં સમયે-સમયે દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. આ સાથે જે સ્થળોને કન્ટેન્ટમેન્ટ ઝોન સ્થાપિત કર્યા છે ત્યાં નાગરિક ઘરેથી બહાર નીકળે નહીં તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. જો કે ખિન્ડીપાડા ક્ષેત્રમાં બનાવવામાં આવેલ કન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં નાગરિકોની ભીડ જોવા મળી રહી છે. જો નાગરિકો દ્વારા કર્ફ્યૂનું ચોક્કસ પાલન ન કરાયું, તો સ્થિતિ બદતર થઈ શકે છે, એવી આશંકા વિશેષજ્ઞો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મુલુંડની ફોર્ટિસ હોસ્પિટલે સ્ટાફમાં શૂન્ય ચેપનો દર જાળવીને દાખલો બેસાડ્યો

કોરોનાના હોટસ્પોટ શહેર તરીકે જેની ગણના થઇ રહી છે એવા મુંબઈમાં એક પછી એક હોસ્પિટલનો તબીબી સ્ટાફ ચેપગ્રસ્ત થઇ રહ્યો છે ત્યારે મુલુંડની ફોર્ટિસ હોસ્પીટલે દર્દીઓ અને સ્ટાફ માટે કડક પ્રોટોકોલનું પાલન કરીને અન્ય હોસ્પિટલો માટે દાખલો બેસાડ્યો છે. કોવિદ-૧૯ના દરદીઓની સારવાર કરતાં દરેક સ્ટાફ મેમ્બરને પર્સનલ પ્રોટેક્ટીવ ઇક્વીપમેન્ટ (પીપીઈ) આપવામાં આવ્યાં છે. ઉપરાંત ડોકટરો અને નર્સો માટે ૭/૭ નું શેડ્યુલ અમલમાં લવાયું છે જેની હેઠળ તેમણે સાત દિવસ ફરજ પર અને એ પછી સાત દિવસ ઘરમાં ક્વોરેનટાઈનમાં રહેવાનું. વધુમાં કામના કલાક ૮ થી ઘટાડીને ૬ કરાયા છે.

હોસ્પિટલમાં હાલ ૮ આઈસીયુ સહિત ૨૨ બેડ છે અને મહિના પહેલાં કોરોનાના દર્દીઓની સારવાર શરૂ કરી હતી.

ઈન્ટેસિવ કેર યુનિટના ડાયરેક્ટર ડો. રાહુલ પંડિતએ કહ્યું હતું કે અમે યોગ્ય આયોજન અને વિચારના કરીને કોવિદ-૧૯ વોર્ડ બનાવવાનો નિર્ણય લીધો હતો અને તે ઊભો કરવામાં બે સપ્તાહ લાગ્યા હતા.સ્ક્રીનિંગ માટે અને આઈસોલેશન બેડ માટે અલાયદી જગ્યાઓ નક્કી કરી હતી.

આજનો સમય સાચવી લો, આવનારો સમય તમને સાચવશે

ભાગ્યશ્રી ઠક્કરે મૂક-બધિર લોકો માટે વિશેષ માસ્ક તૈયાર કર્યા

લોકડાઉન દરમ્યાન ઘરમાં રહીને ટાઈમ જતો ન હોવાની લોકો દ્વારા ફરિયાદ કરવામાં આવતી હોય છે, પણ મુલુંડ-વેસ્ટમાં રહેતી ભાગ્યશ્રી ઠક્કરે બોલી-સાંભળી ન શકતા લોકો માટે વિશેષ માસ્ક તૈયાર કર્યો છે. આ માસ્કની વિશેષતા એ છે કે તમારા ફેસની સ્માઈલ સાથે તમારા એક્સપ્રેશન પણ લોકો જોઈ શકે.

મુલુંડમાં રહેતી ભાગ્યશ્રી ઠક્કરે તૈયાર કરેલા માસ્ક બનાવવાની રીત ફેસબુક દ્વારા લોકોને જણાવી છે. જેથી બધા લોકો પોતાની આજુબાજુમાં રહેતા મૂક-બધિર લોકો માટે એ બનાવી શકે. આ માસ્ક બનાવવાની રીત એકદમ ઈઝી છે. રૂમાલને વચ્ચેથી કાપી એક પારદર્શક પ્લાસ્ટિક વચ્ચે લગાડવું જેથી તમારી સ્માઈલ લોકો જોઈ શકે. મુલુંડની ભાગ્યશ્રી ઠક્કર સાથે વાત કરતાં એમણે જણાવ્યું હતું કે ‘બજારમાં તમામ પ્રકારના માસ્ક મળે છે પરંતુ મૂક-બધિર લોકો માટે કોઈ જગા પર માસ્ક મળતા નથી. તે ઘરે રહી મેં આ પ્રકારના વિશેષ માસ્ક બનાવ્યા છે.’

ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા કોરોના વિરુદ્ધની લડાઈમાં રૂા.બે લાખનું અનુદાન

ઘાટકોપરની જાણીતી સંસ્થા ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા કોરોના વિરુદ્ધ સહાયતા માટે પીએમકેર્સ ફંડમાં રૂા.૧ લાખ તથા સીએમ રીલીફ ફંડમાં રૂા.૧ લાખ એમ કુલ ૨ લાખ રૂપિયાની મદદ જાહેર કરી હતી. તેમણે આ ચેક ઈશાન્ય મુંબઈના સાંસદ મનોજભાઈ કોટકને અર્પણ કર્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી અને નગરસેવિકા બિંદુબેન ત્રિવેદી, પ્રવીણભાઈ ઠકર, જ્યોતિન્દ્ર દવે ઉપસ્થિત હતા. વિધાનસભ્ય પરાગ શાહને પણ રૂા.૫૧ હજારનો ચેક અર્પણ કરાયો હતો.

ઘરે બેઠા મેળવો

વોઈસ ઓફ ઘાટકોપર

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

ઘાટકોપરથી દર શુક્રવારે પ્રકાશિત વોઈસ ઓફ ઘાટકોપર મેળવવા માટે આપના ઘરે/ઓફિસે/દુકાને ન્યુઝપેપર નાખતા ન્યુઝપેપરવાળા / વેન્ડરને આપને પેપર આપવા જણાવો

અથવા નીચે આપેલ લવાજમ ફોર્મ ભરી અમને મોકલો

નામ : ____

એડ્રેસ : ____

વોટ્સએપ નંબર : ____

એક વર્ષનું લવાજમ ફક્ત રૂા.૧૯૯

*T&C apply

રૂા.૧૯૯નું લવાજમ ભરો અને મેળવો રૂા.૪૦૦થી વધુનો ફાયદો

R-Steam Hot Since 1980

લવાજમ લેનાર દરેકને ઓડીયન ઘાટકોપ(ઈ)માં આવેલ રેસ્ટોરન્ટ આર સ્ટીમ હોટ નું રૂા.૪૦૦ નું ગીફ્ટ વાઉચર.

લવાજમનો ચેક "Ghatkopar Times Publication Centre" લખવાનો રહેશે

આપ 9022279684 નંબર પર ફોર્મ વોટ્સએપ કરી લવાજમ ફી Paytm કરી શકો છો

એડ્રેસ : એ-૧, બેઝમેન્ટ, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

www.vognewslive.com ☎ : 022-40229684 /vognewslive

સુવર્ણ તક

માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી

સુવર્ણ તક

માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક

નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક

ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો

MEHTA ENTERPRISES

10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.

9967421409 / 8291440870 / 7623901554

Physical Share Certificate

- Name Change Process
- Lost of Share Certificate
- Bonus Certificate Not Rec'd
- Dividend Not Received
- IEPF Claim

Shop No.5, Shiv Shakti Heights, Janta Society Marg, Near Popular Hotel, Ghatkopar(E).

Charvi Shah : 9833385332

Neha Shah : 9820473318

ALIBAUG

WEEKEND HOME

2 BHK APARTMENT

Available Right on the Beach Side

For Outings with Families & Friends

FOR BOOKINGS & ENQUIRIES

Call : 98675 84877

જલસા ઈવેન્ટ્સ

લગ્નગીત, સંગીત સંધ્યા, રાસ ગરબા, ઓર્કેસ્ટ્રા, બર્થડે સેલિબ્રેશન, કીટી પાર્ટી, ડીજે, મ્યુઝિકલ તંબોલા, ગેમ્સ શો, માતાજીની પહેડી.

દરેક અવસરને અનેરો બનાવવા મનોરંજન કાર્યક્રમો માત્ર ૧૧૦૦૦થી શરૂ

સંપર્ક: હિરેનભાઈ

9322600800

Haresh B. Parmar જે ભગવાન M: 098206 17168

Haresh Creation

Ladies Dressmakers

Believe in Creativity

हरेश क्रिएशन लेडीज् ड्रेसमेकर्स

Shop No. 3, Krishna Leela , Khokhani Lane, Ghatkopar (East), Mumbai - 400077

M: 87792 99022 (Sunday Closed)

સાવરકુંડલાના વતની (હાલ મુંબઈ) વિમલ યાત્રા પરિવારના દિલીપભાઈ દોશી અને પંકજભાઈ દોશીનું અનુકરણીય કદમ

પ્રધાનમંત્રી રાહત ફંડમાં ૨૫ લાખ રૂપિયાનું અનુદાન

હાલ જ્યારે સમગ્ર વિશ્વ કોરોના વાયરસનાં સંક્રમણની મહામારીથી પીડાતું હોય લોકો કીડી મકોડાની માફક મરતાં હોય. ત્યારે સાવરકુંડલાના રહીશ અને હાલ મુંબઈમાં રહેતા વિમલ યાત્રા પરિવાર ઉદાર દાનવીર દિલીપભાઈ દોશી અને પંકજભાઈ દોશી એ હાલની પ્રવર્તમાન સ્થિતિને લક્ષમાં લઈને પ્રધાનમંત્રી રાહત કોષમાં રૂપિયા ૨૫ લાખ (પચ્ચીસ લાખ) નું દાન આપ્યું છે. આમ તો આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી એ સમગ્ર વિશ્વને એક અનોખો અને માનવીય રાહ ચીંધ્યો છે. જ્યારે સમગ્ર વિશ્વ આ મહામારી આગળ લાચાર છે હજુ આ મહામારી સામે લડવાનો કોઈ સફળ ઈલાજ શોધાયો નથી. તેવી સ્થિતિમાં આપણાં વડાપ્રધાનશ્રી એ સમયસૂચકતા અને અગમચેતી વાપરી અને ખુબજ શાંત ચિત્તે મંથન કરીને લગભગ એક મહિના પૂર્વે જ સમગ્ર દેશમાં લોક ડાઉન જાહેર કર્યું. સમગ્ર દેશમાં રેલ્વે, હવાઈ સેવા, માર્ગ પરિવહનાં પૈંડા થંભી ગયા.જેજ્યાં છે ત્યાં જ રહે. અને નસ્ત્રજાન હૈ તો જહાંન હૈસ્ત્રસ્ત્ર ના સૂત્ર સાથે આ લોક ડાઉન એ કોરોના મહામારી સામે લડવાનો જંગ છેડી દીધો. તેઓશ્રીનું આ સમયસૂકતા ભરેલું કદમ સમગ્ર દેશ અને વિશ્વ માટે પથ દર્શક અને અનુકરણીય રહ્યું. આ લોક ડાઉન માં જરા સરખો પણ વિલંબ એક મોટી જાનહાનિ અને મહામુસીબત નોતરી શકે તેવું હતું. આપણી સરકારે લીધેલાં આ પગલાંની સમગ્ર વિશ્વએ નોંધ લઈને પ્રશંસા પણ કરી. જયારે આવી પડેલી આ મહામારીની આફત કાળે સંગઠિત થઈને જ લડવું જોઈએ એવો સંદેશો પણ સમગ્ર વિશ્વને આપ્યો. આવાં કપરાં કાળમાં જ્યારે એક મહિના જેવો સમય વિતી ગયો. દેશમાં લોકોનાં કામધંધા કે અન્ય ઔદ્યોગિક એકમો બંધ થયાં. ત્યારે માનવી ની રોજીરોટીની ચિંતા પણ કરવામાં આવી. અને સરકારશ્રી એ આવા માનવ કલ્યાણ અર્થે દેશનાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે પણ અનેક નાણાંકીય રાહતો જાહેર કરવામાં આવી. આવા વિપરિત કાળમાં જ્યારે રતન તાતા જેવા મહાન દાનવીરોએ રૂપિયા ૧૫૦૦ કરોડ દાન રૂપે દેશને અર્પણ કર્યા અને જરૂર પડ્યે પોતાનો સઘળો ખજાનો દેશ કાજે ખુલ્લો મૂકી દેવાનો નિર્ણય કર્યો અને દેશના અન્ય દાનવીરોએ પણ વડાપ્રધાનશ્રી નાં રાહત ફંડમાં કરોડોનાં દાન કર્યા. આવી બાબતોની નોંધ અને પ્રેરણાં લઈને જ વિમલ યાત્રા પરિવાર નાં આ દોશી પરિવારનાં કુટુંબનાં આબાલવૃધ્ધ તમામ સભ્યો સર્વસંમતિથી દેશ પર આવી પડેલી આ મહામારીની અણધારી આફત સામે લડવા માટે એક સૂરે પ્રધાનમંત્રીનાં રાહત ફડમાં રૂપિયા ૨૫ લાખ (પચ્ચીસ લાખ રૂપિયા) જમા કરાવવાનો વિના વિલંબે નિર્ણય કર્યો છે.આમ તો સાવરકુંડલાનું આ ખમીરવંતો પરિવાર આ મહામારીમાં સાવરકુંડલા શહેરનાં દીન દુખિયા લગભગ ૨૦૦૦ જેટલાં પરિવારોને એક જીવનજરૂરી ચીજવસ્તુઓની લગભગ નાના કુટુંબને એક મહિના સુધી ચાલે તેવી રાશન કીટનુ પણ વિતરણ કરેલ આ ઉપરાંત કબીર ટેકરી ખાતે ચાલતી ભોજન ટીફીન કાજે પણ પોતાનું આર્થિક યોગદાન આપેલ તથા ભૂખી દુખી અને રસ્તે રઝળતી ગાયોને પણ ઘાસચારો આપતાં અને ગૌસેવા સમર્પણ સંસ્થાને પણ સહયોગ આપ્યો. આમ ઈશ્વરે જીવન સાચા અર્થમાં આવા સમયે માનવ સેવા માટે જ આપ્યું છે એ વાતને સાંગોપાંગ ચરિતાર્થ પણ કરી બતાવી. અંતે માનવ નાં હૃદયમાં બિરાજમાન એ માંહ્યલાં નાં એક અનોખા રૂપનાં દર્શન આ પરિવારમાં થયાં. આમ તો કહેવાય છે ને કે જીવનની સાર્થકતા તો જીવનને સંવર્ધિત કરીને જ થઈ શકે છે એવો સ્પષ્ટ અને અનુકરણીય સંદેશ પણ આ માનવ જાતને આવાં કાર્યા માંથી લઈ શકાય છે. આમ પણ વેરાન રણમાં આવાં પરિવારો એક મીઠી વિરડી સમાન જ ગણવાં. ચલો આપણે પણ ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે પણ આવા માનવ સેવાના ઉમદા કાર્યમાં સહયોગી થઈને પ્રભુ એ આપેલા જીવનને સાર્થક કરીએ એવી સકારાત્મકપ્રેરણાં પણ આવાં કાર્યોથી મળે છે.

લોકડાઉનની ઐસીતૈસી કરી ઈસ્ટન એક્સપ્રેસ હાઈવે-ઘાટકોપર ખાતે વાહનોનો ટ્રાફિક જામ

કોરોના સંક્રમણને ટાળવા સરકાર દ્વારા લોકડાઉનની જાહેરાત કરાઈ હોવા છતાં તાજેતરમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ઘાટકોપર રમાબાઈ તરફ વાહનોનો ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.

સાધારણ પણે લોકોને તકલીફ સમયે અહીંથી બીજે સ્થળે જવા પોલીસ પરવાનગી મળતી નથી ત્યારે આ તસ્વીરે ટ્વીટર પર ખૂબ ધમાલ મચાવી હતી અને ટવીટર યુઝર્સ દ્વારા પોલીસને સવાલ કરવામાં આવ્યો હતો કે શું આટલા મુંબઈગરાઓને વિવિધ સ્થળોએ જવા માટે પરવાનગી અપાઈ છે?

જન્મદિવસની પણ લોકડાઉનમાં ઓનલાઈન ઉજવણી

જાણીતા સમાજસેવક કમલેશ કપાસીની દોહિત્રી સાયશા (માતા ઉન્નતિ, પિતા હાર્દિક દોશી)ના પ્રથમ જન્મદિવસની ઉજવણી ઝુમ એપના માધ્યમે કપાસી પરિવારે કરી હતી. ઉલ્લેખનીય છે કે સમગ્ર જગત અત્યારે કોરોનાના ભય હેઠળ લોકડાઉનમાં છે ત્યારે લોકો ઉજવણી કરવાનું ચૂકી નથી રહ્યા પણ ઉજવણી કરવાની નવીન તકો શોધીને ઉજવણી કરી રહ્યા છે તેનું આ દ્રષ્ટાંત છે. કપાસી પરિવારના વિવિધ સભ્યોએ લંડન, મુંબઈ જેવા સ્થળોથી પોતાનો ફોટો મોકલ્યો હતો અને તેનું એક સંપૂર્ણ કોલાજ બનાવીને સાયશાને જન્મદિવસનની શુભેચ્છા આપી હતી. કમલેશ કપાસીની સુપુત્રી ઉન્નતિ હાર્દિક દોશી હાલમાં દુબાઈમાં છે અને સંપૂર્ણ પરિવારે સાયશાને શુભેચ્છા આપવા માટે વિશેષ તૈયારીઓ કરી ઝુમ એપના માધ્યમે ધમાકેદાર શુભેચ્છા આપી હતી.

જ્યોતિષ - પ્રકાશ જોષી

મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧
Email : prakasjoshi@gmail.com

મેષ (અ,લ,ઈ) : પિત્તનું પ્રમાણ વધારે રહેતું જણાય તેને કારણે સ્વભાવમાં ઉગ્રતાનું પ્રમાણ વધારે રહેતું જણાય. કામકાજમાં મક્કમતા વધારે પ્રમાણમાં રહેતી જોવાય. માતૃપક્ષ તરફ વધારે ધ્યાન આપવું પડતું જોવાય. વ્યવસાય-ધંધામાં કામકાજો વધવાની શક્યતા વધારે રહેતી જોવાય. ભ્રાતૃવર્ગ તરફ લાગણીઓ વધે.

વૃષભ (બ,વ,ઉ) : ભાગ્યનો સાથ પ્રબળ મળતો જોવાય. લઈ શકાતા લાભો લઈ લેવા હિતકારી જણાય. આગળ પણ જીવનસાથી ભાગીદારનો સાથ સહકાર વધારે મળતો જોવાય. ઉત્સાહ અને ઉમંગમાં વધારો થતાં કામકાજોમાં ઝડપનું પ્રમાણ વધતું જાય. મથક-વિદેશ-બહારગામના કામકાજોમાં નવા કામકાજો મળતા ઉત્સાહનું પ્રમાણ વધારે રહેતું જોવાય. પ્રવૃત્તીઓમાં વધારે પ્રવૃત્ત થવાય.

મિથુન (ક,છ,ઘ) : શુભેચ્છકો-હિતેચ્છુઓ સાથે વધારે પ્રમાણમાં આકર્ષણ રહેતુ જોવાય. સાહસ-સટ્ટા, શેર-વાયદાઓ તરફ વધારે પ્રમાણમાં ઘરોબો રહે. યાત્રા-પ્રવાસના આયોજનો માટે સમય ફાળવવો પડતો જોવાય. કર્મચારીઓ સહયોગીઓની સંગાથે ધાર્મિક યાત્રા અંગેનું આયોજન સફળ થાય. દેશાવર-મથક-ધંધાકીય સ્થાનો તરફથી દલાલી-કમીશન મળે.

કર્ક (ડ,હ) : ઋતુ પ્રકોપ વચ્ચે પણ કામકાજના ઉત્સાહનો વધારો થતો જોવાય. હીતશત્રુઓ દ્વારા કામણ કુટણ અંગેની શક્યતા અંગે પુરતી તકેદારી અને ઈલાજો કરી લેવા હિતકર રહે. કરેલા કામો થકી અપેક્ષીત કરતાં ઓછું વળતર મળવાની મન:સ્થિતિ રહેતી જોવાય અથવા તો નાણાંકીય લાભ મળવાનું પાછળ ઠેલાવાની પરિસ્થિતિ ઉદ્વેગ ઉત્પન્ન કરતુ જણાય.

સિંહ (મ,ટ) : ઋતુ પ્રકોપી શારીરિક અસરોમાં ઓછી કરવા માટે ઘરે રહીને અથવા ઓફીસમાં બેઠા બેઠા કામ કરવું હિતકારક થતું જોવાય. કામકાજોમાં રૂકાવટો દૂરથવાથી કામકાજોમાં પ્રગતી આવે અને કામકર્યાનો આનંદ પ્રાપ્ત થઈ શકે છે. ભાગ્યના સથવારે આવકમાં વધારે થવો શક્ય થાય. નજદીકના ધંધાકીય સંબંધો થકી કામકાજોમાં વધારો થઈ શકે છે. વ્યસ્તતામાં વધારો થાય.

કન્યા (પ,ઠ,ણ) : ઋતુનો પ્રકોપ સ્વાસ્થ્ય અંગેની પરેશાનીમાં વધારો કરી શકે છે. અને તડકાથી વધારે પ્રમાણમાં સંભાળવું જરૂરી છે. ભાગીદાર-જીવનસાથીના સ્વાસ્થ્યને પણ લક્ષ આપવું જરૂરી છે. ખર્ચાઓનું પ્રમાણ વધી શકે છે. યાત્રા પ્રવાસ અંગેના આયોજનમાં પણ સ્વાસ્થ્ય અંગે સાવધાની વર્તવી જરૂરી છે. મિત્રો-શુભેચ્છકો-સહયોગીઓ સાથે વધારે સમય પસાર કરવો પડે.

તુલા (ર,ત) : ઘર-સ્થાવર-જંગમના ફેરફાર કરવા હોય તો ફેરફાર શક્ય થઈ શકે છે. તક સારી મળી શકે છે. નફો થતો હોય તો તારવણી કરી લેવી જરૂરી થાય. ભાગીદાર જીવનસાથી પર માંત્રીક-તાંત્રીક ઉપર હાલના પ્રયોગ અંગે સંભાળવું અત્યંત જરૂરી છે. જીવનસાથી-ભાગીદાર પોતાની રીતે કામકાજમાં વધારે પ્રમાણમાં વ્યસ્ત રહેતાં જોવાય. ગણતરી પ્રમાણેના કામકાજો થવાથી રાહત રહેતી જોવી.

વૃશ્ચિક (ન,ય) : નાની યાત્રા-પ્રવાસ અંગેનું આયોજન થઈ શકે છે. સ:યાત્રિકને ઋતુના પ્રકોપના કારણે તકલીફો ઉભી ન થાય તે અંગે ખાસ ધ્યાન રાખવું જરૂરી થાય. જરૂરી દવા અને ઉપકરણો અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. ભાગીદારી જીવનસાથીને આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધારે રહેવાની શક્યતાઓ રહે. સહયોગી મિત્રો-હીતેચ્છુઓ સાથે વૈમનસ્યો ટાળવા અત્યંત જરૂરી છે.

ધન (ભ,ધ,ફ,ઢ) : શુભેચ્છકો-મિત્રો-આગંતુકની આગતા સ્વાગતા કરવી પડતી જણાય. ઋતુ પ્રકોપ અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી થાય. હરવા ફરવા અંગે સ્વાસ્થ્ય જાળવવું અત્યંત જરૂરી થાય. વિયોગ અંગેની શક્યતાઓ ઉભી થઈ શકે છે. સહકાર્યકર-હાથ નીચેની વ્યક્તિઓનો સાથ પ્રમાણમાં વધારે લેવો પડતો જોવાય.

મકર (ખ,જ) : સ્વાસ્થ્ય અને ઋતુ પ્રકોપને કારણે વ્યવહારમાં અને વાણીમાં વધારે ઉગ્રતા જણાય. અહમ ટકરાવાના પ્રસંગો ટાળવા અત્યંત જરૂરી થાય છે. મિત્રો-સહયોગીઓ-શુભેચ્છકો દ્વારા આવક વધારવાના પ્રયોસોમાં સાથ-સહકાર મળી રહે. શેર-સટ્ટા-વાયદા-સાહસો તરફનું આકર્ષણ વધારે રહેતું જોવાય. દલાલી-કમિશન-એજેન્સીના કામો દ્વારા આવકમાં વધારો થઈ શકે છે.

કુંભ (ગ,સ,શ,ષ) : યાત્રા-મુસાફરીમાં ઋતુ પ્રકોપ અને સ્વાસ્થ્યની સારવાર કરવા માટે જરૂરી દવા-સાધનો સાથે રાખવા અત્યંત જરૂરી થાય છે. ભ્રાતૃવર્ગના જોમ-જુસ્સા, સાહસ અંગેના કામોમાં વધારે પ્રમાણમાં પ્રવૃત્ત થવું શક્ય થાય કોઈ કામ કરવામાં આપને પણ ઉત્સાહનો અતીરેક થતો હોવાનો અનુભવ થઈ શકે છે. કામકાજમાં વધારે પ્રમાણમાં પ્રવૃત્ત રહેતા અન્ય પ્રવૃત્તીઓ ઓછી થાય.

મીન (દ,ચ,ઝ,થ) : જીવનસાથી ભાગીદારની નાણાંકીય માંગણીઓનું પ્રમાણ વધારે રહે. ઘરેલુ ખર્ચાઓ અંગે પણ નાણાંકીય તંગીના અનુભવ થઈ શકે છે. ભાગ્યના સાથ સહકાર દ્વારા મથક-બજાર-દેશાવર અંગેના કામકાજો દ્વારા આવક ઉભી થવાની આશાઓ ઉત્સાહમાં વધારો કરે સ્વજનના સ્વાસ્થ્ય-ઘરેલું ખર્ચાઓ અને ખીસ્સા ખર્ચાઓ થકી નાણાંભીડનો અનુભવ સંભાળી શકે છે.

શબ્દોનું સ્પંદન

સ્ટેચ્યુ



પ્રા. બિંદુ મહેતા

આજકાલ માણસ કરતા સ્ટેચ્યુની બોલબાલા છે અહીં તે સ્ટેચ્યુની વાત છે જે રમતો બાળકો રમતા તેમાં તમે જે અદામાં હો સ્ટેચ્યુ કહે એટલે તમારે સ્થિર થઈ જવાનું જુદી જુદી અદાઓ જોઈને બીજા લોકો હસતા ને જે સ્થિર હોય તેને પણ હલાવી આઉટ કરવાનો પ્રયત્ન થાય પછી ઓવર કહી દે આપણે આ બાહ્ય વર્તનની વાત કરી આપણે રોજબરોજના જીવનમાં કાંઈ પણ ખાનગી કે તુ તુ મૈ મૈ ની વાત કરતા હોઈએ ને કોઈ બહારની વ્યક્તિ આવે ત્યારે તરત જ ચૂપ થઈ જીએ છીએ આપણા મગજમાં અવ્યક્ત વિચારો ચાલતા જ હોય છે. ક્યારેક તેની માત્રા ખૂબ વધી પણ જાય તેમાં ભય સાથે અનેક ભાવો પણ હોય તે વિચારોની ઘટમાળને સ્ટેચ્યુ કહેવાથી તે બંધ નથી થતા તે વિચારો બંધ કરવાથી તે બંધ નથી થતા તે વિચારો બંધ કરવા માટે કાં તો વ્યક્ત કરવા પડે કાં તો તેને ધ્યાનમાં બેસી ઓગાળવા પડે પણ આ તો લાંબા ગાળાની વાત છે કાંતો વ્યક્તિએ કોઈ એવા કામમાં વ્યસ્ત રહેવું પડે કે તે વિચારો વિરામ લે કામ પતતા તે પાછા . તેની જગ્યાએ આવી પણ શકે છે આજે કોરોનાની ભયમાં જગત છે તેને સ્ટેચ્યુ કહે છે માટે આપણે પ્રયત્ન કરીએ પણ તે કહેવાથી તે સ્થિર થઈ જાય તે શક્ય નથી પરંતુ તેનેથી બચવા માટે સાવચેતી જરૂરી છે. આપણે ઘણી મનગમતી બાબતોને સ્ટેચ્યુ કહી અટકાવા દેવા માગતા હોઈએ પણ તે આપણા હાથમાં હોતું નથી. આ કેર કોરોના દ્વારા કુદરતનો જ છે. આપણે આપણી બુદ્ધિ શક્તિથી કુદરત પર વિજય મેળવી ઘણું હરખાયા કુદરતને જે રંજાડી છે તેનો જવાબ કુદરત આપણને આ રીતે આપે છે. તેથી જ કુદરત કે ભગવાનને પ્રાર્થના કરવી કે તમે અમને આમાંથી ઉગારો કુદરતે કે ભગવાન જ આ કાળા કેરને સ્ટેચ્યુ કહી અને અટકાવી શકી નહીંતર મહામાનવને મહામારી સ્ટેચ્યુ કહેવા વાર નહીં લાગે. કુદરત જ તેના સંતાનને સંભાળે.

બહેનશ્રીના વચનામૃત

- સંકલન વિજય બોટાદરા



પ્રશ્ન : આત્મદ્રવ્યનો ઘણો ભાગ શુદ્ધ રહીને માત્ર થોડા ભાગમાં જ અશુદ્ધતા આવી છે ને ?

ઉત્તર : નિશ્ચયથી અશુદ્ધતા દ્રવ્યના થોડા ભાગમાં પણ આવી નથી, તે તો ઉપર ઉપર જ તરે છે. ખરેખર જો દ્રવ્યના થોડા પણ ભાગમાં અશુદ્ધતા આવે અર્થાત દ્રવ્યનો થોડો પણ ભાગ અશુદ્ધ થાય, તો અશુદ્ધતા કદી નીકળે જ નહીં, સદાકાળ રહે. બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો દ્રવ્ના ઉપર તરે છે પણ તેમાં ખરેખર સ્થાન પામતા નથી. શક્તિ તો શુદ્ધ જ છે. વ્યક્તિમાં અશુદ્ધતા આવી છે. - ૪૨૪

જ્વેલ ગ્રુપ ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ દ્વારા હાઉઝીનું આયોજન

જ્વેલ ગ્રુપ ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ દ્વારા હાઉઝીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન હાઉઝી જ્વેલ ગ્રુપના આગેવાન જીતુભાઈ મહેતાએ બધાને વોટ્સએપ પર રમાડી હતી. મમ્બરોએ ખૂબ આનંદપૂર્વક હાઉઝીને માણી હતી.

જેજેસી જેમ જગડુશા દ્વારા ડીઝાઈનર હાઉસીને સુંદર પ્રતિસાદ

જેજેસી જેમ જગડુશા દ્વારા બુધવાર તા.૨૯ એપ્રિલના રાતના ૮.૪૫ કલાકે ઓનલાઈન હાઉઝીનું આયોજન કરવામાં આવ્યું હતું જેની વિશેષ જાહેરાત ગઈ કાલે સાંજે કરવામાં આવી હતી. હાઉઝીમાં ખાસ તો એ હતું કે દરેક મેમ્બરે પોતાની મનગમતી ડિઝાઈનર ટીકીટ બનાવી વોટ્સ એપ પર અપલોડ કરવાની હતી અને બેસ્ટ ડીઝાઈનર ટીકીટને સ્પેશ્યલ ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

WEDDING CARDS

CUSTOMISED
E - Wedding Card

કંકોતરી

માંગલિક વિગતો

VENUE :
GEEKAY
90 Feet Road, Opp. Kailash Tower, Ghatkopar (E), Mumbai-75.
2506 2626 • 98337 73744
Jayant Vora: 75066 25702
E-mail: info@geekaycorp.com

kankotary.com
designer indian wedding cards

DAY & TIMING :
Monday to Saturday
Morning 10.00 am to 6.30 pm
With prior appointment

Specialist
E - Wedding Invitation

કુમકુમ પત્રિકા • વેવીશાળ પ્રસંગ
ગરબા પાર્ટી • સંગીત સંધ્યા
મહેંદી રસમ • લગ્ન જયંતી
ઈન્વીટેશન માટે બેબી શાવર
અન્ય શુભ પ્રસંગો

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી મહાવીરાય નમઃ ॥
॥ કુળદેવી માતાની કૃપા હોજો ॥

શ્રીમાન/શ્રીમતી

ઘર આંગણે લગ્નનો રૂડો અવસર હોય મનમાં અનેરો ઉમંગ હોય, પ્રસંગને ધામધૂમથી ઉજવવાના ઓરતા હોય એટલે ઘણાં બધા કામો પાર પાડવાના હોય.

આ બધા કામોમાં કુમકુમ પત્રિકાની પસંદગી તથા તેને સુઘડ રીતે છપાવી સમયસર તૈયાર કરાવવી તે પણ તેટલું જ અગત્યનું કામ હોય છે. આ માટે બે થી ચાર વખત તળ મુંબઈના ધક્કા, સમયસર કામ થાય તે માટે ફોનથી યાદી આપવી વગેરેમાં આપના કિમતી સમયનો વ્યય થાય છે.

પરંતુ હવે આવું નથી

GEEKAY રજૂ કરે છે.

ઘાટકોપરના આંગણે સુવિધાજનક સ્થળે કુમકુમ પત્રિકાની વિશાળ શ્રેણી

આવો, અમારા આધુનિક Invitation boutique ના આરામદાયક વાતાવરણમાં વિનયી અને સેવા-તત્પર સ્ટાફ કુમકુમ પત્રિકા પસંદ કરવામાં આપને સહાય કરશે. આપ ઈચ્છો તો અમારું ડીઝાઈન સેન્ટર આપની મનપસંદ આગવી ડીઝાઈનમાં કુમકુમ પત્રિકા બનાવી આપશે.

બદલાતા સમય સાથે જ્યારે કુમકુમ પત્રિકા પણ તમારા વ્યક્તિત્વના અભિવ્યક્તિ કરે તેવી હોવી જોઈએ તો કુમકુમ પત્રિકા બનાવવાના વ્યવસ્થા પણ તેની સમકક્ષ શા માટે ન હોય !

આજે જ અમારા
Invitation boutique માં પધારીને ખાત્રી કરી લેશો.

ભવદિય
ધીરેન કોઠારી

Marriages are made in HEAVEN
& invitation cards are printed at GEEKAY

કોરોના વાયરસ નાબૂદ થયા પછી, દુનિયામાં કેવા કેવા પરિવર્તન આવશે ?

કોરોના વાયરસ નાબૂદ થયા પછી, દુનિયામાં આવશે આ મોટો પરિવર્તન

કોરોના વાયરસ (*Corona virus, covid* ૧૯) હાલ પૂરી દુનિયાને પોતાની ઝપેટમાં લઇ ચૂક્યો છે. વાયરસના ફેલાતા જ લોકો ઓફિસ અને દુકાન છોડી ઘરે બેસી ગયા છે. દુનિયાભરમાં અનેક ક્ષેત્રોમાં આ કારણે પરિવર્તન આવ્યું છે. (*work trends, work from home*) વર્ક ફ્રોમ હોમ હવે નોકરીયાતોનો બીજો પર્યાય બન્યો છે. ત્યારે ચલો જાણીએ કે જ્યારે આ વાયરસ કાબુમાં આવી જશે કે નાબૂદ થશે તે પછી દુનિયામાં કેવા કેવા પરિવર્તન આવશે. સાથે જ આવનારા સમયમાં આ ફેરફાર તમે પણ જોશો.

કોરોના વાયરસથી સૌથી વધુ ફાયદો ડિઝિટલ સર્વિસને થશે. ઇ કોર્મસ સાઇટને ફાયદો થશે. લોકો સંપર્ક આવ્યા વગર ડિઝિટલી અને ઇ કોર્મસ તરફ આગળ વધશે. સોશિયલ મીડિયા પર વધુ સમય વીતાવશે. અને જાહેરાતોના ખર્ચા પણ ઓછા થશે.

વાયરસની અસર ઓછી થતા કંપનીઓમાં શ્રમ બળની ભાગીદારી ઓછી થશે. એટલે કે રિમોટથી થતા કામ વધશે. મોટા વિકસિત દેશોમાં સસ્તા શ્રમ માટે નાના કુશળ કર્મચારીઓની માંગ વધશે.

વિવિધ દેશોની સરકારને ભવિષ્યમાં આવા પ્રકારના સંકટોથી બચવા માટે વધુ મહેનત કરવી પડશે. આની અસર રાષ્ટ્રીય અને ક્ષેત્રીય બોર્ડર પર પણ રહેશે. ચેકપોસ્ટ પર બાયોમેટ્રિક અને સ્ક્રિનીંગ કરાવી જ તમામ લોકોએ જવું પડશે.

કોરોના માનવતા માટે મોટો ખતરો સાબિત થયું છે. અને હવે આવનારા સમયમાં આવી આપાતકાલીન સ્થિતિ માટે દુનિયાભરના લીડર્સે સાથે મળી તેવી નવી એજન્સીઓ સ્થાપિત કરવી પડશે. અને જલવાયુ પર્યાવરણ વિષે પણ સજાગતા સાથે આગળ વધવું પડશે.

સૌજન્ય : ન્યૂઝ ૧૮ ગુજરાતી

કચ્છી લોહાણા જ્ઞાતિના શ્રી સંદિપ કિશોરભાઈ કેસરીયા (જામનગર – ઘાટકોપર) ના વર્ષીતપની તપશ્ચર્યાની અનુમોદના...



શ્રી સંદીપભાઈ વૈષ્ણવ હોવા છતાં જૈન ધર્મ પ્રત્યેનો આદરે એમને તપશ્ચર્યા કરવા પ્રેર્યા...શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપાથી અને એમના પુણ્યકર્મોની પુણ્યાઈથી **પાલીતાણાની ૯૯ યાત્રાનો** સંકલ્પ કર્યો અને શ્રી આદિનાથ દાદાની કૃપાથી એ યાત્રાનો એમણે તા. ૪-૧-૨૦૧૭ ના દિવસે **જામનગરથી પાલિતાણા ૨૮૯ કિ.મી. નો સાયકલનો પ્રવાસ** કરી પૂર્ણ કર્યો. આત્મકલ્યાણના માર્ગે મનુષ્યે એકલા જવાનું હોય છે, એમાં અન્ય કોઈની રાહ ન જોવાય. એમણે એકલા જ ૯૯ યાત્રાનો પ્રારંભ કર્યો. ડો અજય તન્ના અને અજિત શેઠ જામનગર થી પાલીતાણા સાયકલ પ્રવાસ માં તેમને સાથ આપેલ.

જૈન ધર્મનું જે વિજ્ઞાન છે, બોધ તેમજ આત્મકલ્યાણનું જે ચિંતન છે તે એમને સ્પર્શી ગયું અને એમની **૯૯ યાત્રા દરમ્યાન** પ.પૂ. મુનિશ્રી **અભયસેનજી** મ.સા. તથા પ.પૂ. **સુનંદીતાશ્રીજી** મ.સા., પ.પૂ. **પુણ્યરત્નશ્રીજી** મ.સા. અને પાર્શ્વગચ્છીય શ્રમણ-શ્રમણી ભગવંતો, એમના માતા-પિતા, સદ્‌ગત **શ્રી કિશોરભાઈ કેસરીયા** તેમજ **રાજલક્ષ્મી કેસરીયા**, સગાઓ, સ્નેહી મિત્રો **પાર્શ્વચંદ્રધામ-પાલીતાણામાં** રહ્યા. એની યાત્રાની અનુમોદના કરતા રહ્યા. એમણે આનંદ-ઉત્સાહથી, ભાવ અને શ્રદ્ધાથી **૫૧ દિવસમાં** તા. ૨૪-૨-૧૭ ના દિવસે નિર્વિઘ્ને પૂર્ણ કરી. એમાં સમાજશ્રેષ્ઠી શ્રી ગાંગજીભાઈ સાલીયાનો સહકાર મળતો રહ્યો. એમની ધર્મશાળામાં રહેવાનો તેમજ મહારાજ સાહેબોના ચરણોમાં બેસીને જ્ઞાનનો લાભ મળતો રહ્યો એ બધું જ **શ્રી ગાંગજીભાઈ સાલીયાને** આભારી હતું એમ તેઓએ જણાવ્યું હતું. ૯૯ની યાત્રાનો પ્રારંભ શ્રી પાર્શ્વચંદ્રધામથી થતો.

જૈન ધર્મની જેમ જેમ નજીક ગયા તેમ એમના જીવનમાં થયેલો બદલાવ દેખાયો, આપણા જીવનને પજવતાં, લોભ, લાલચ, દંભ, અહમ જેવા કસાયોથી એ દૂર થતાં ગયા એવું એમણે અનુભવ્યુ. **પક્ષાલ કરતી વખતે એમણે પ્રાર્થના કરી હતી કે એમને વર્ષીતપ કરવું છે અને દાદાની કૃપાથી એ પણ શક્ય બન્યું.**

જૈન ધર્મના સિદ્ધાંતો તેમજ મુનિ મહારાજાઓના પ્રવચનથી એમના જીવનમાં ઉત્સાહ વધ્યો, આનંદમય જીવન જીવવા લાગ્યા અને મનની મક્કમતા પણ વધી. ભગવાન ઋષભદાદાના જન્મ કલ્યાણકના દિવસેથી એટલે કે તા. ૨૯ માર્ચ ૨૦૧૯ ના વર્ષીતપનો પ્રારંભ કર્યો, જે તા. ૨૬-૪-૨૦૨૦ ના દિવસે સંતો અને વડીલોની આશિર્વાદથી પૂર્ણ થશે. **આ વર્ષીતપ દરમ્યાન ૩૫ કિલો વજન ઘટી ગયું,** તેની ચિંતા પરિવાર તેમજ મિત્રોને થતી, પણ તેઓ પોતાના સંકલ્પ પર અડગ રહ્યા.

શ્રી ગાંગજીભાઈ સાલીયા હંમેશા એમને પ્રોત્સાહન આપતા રહ્યા છે. આવા વડિલ મિત્રો, માતા-પિતા તેમજ સહૃદયી મિત્રોના કારણે તેઓ પોતાના ધ્યેય સુધી પહોંચી શક્યા છે. મન હોય તો માળવે જવાય એ પંક્તિ અહીં સાર્થક થતી જોવા મળે છે. **વર્ષીતપ દરમ્યાન એમને અનેકાનેક અનુભૂતિઓ થઈ છે, તે વિશે તેઓ મૌન સેવે છે** એટલું જ કહેતા એક કવિની પંક્તિ કહેતા એમની આંખો ભીની થયેલી જોવા મળેલી.

શ્રદ્ધા હતી જે લઈ ગઈ મંજીલ ઉપર મને
રસ્તો ભૂલી ગયો, તો દિશાઓ ફરી ગઈ.

આવી પ્રેરણા ભગવાન આદિનાથ સૌને આપે એવી અભ્યર્થના...

અનુમોદના
ભંકશ ગ્રુપ – મુલુંડ (કાલીદાસ મોર્નિંગ વોક ગ્રુપ)
બટુકભાઈ શાહ

BINITA S. MARU - 9869034162

રામાયણે સર્જ્યો વર્લ્ડ રેકોર્ડ, ૧૬ એપ્રિલનાં એપિસોડને દુનિયાભરમાં ૭.૭ કરોડ લોકોએ જોયો

રામાનંદ સાગરની લોકપ્રિય ધારાવાહિક રામાયણનું પુન:પ્રસારણ શરૂ કરવામાં આવ્યા બાદ ઘણા રેકોર્ડ સર્જાયા છે,આ ધારાવાહિકને અપ્રતિમ લોકચાહના મળી રહી છે.

રામાયણનાં ૧૬ એપ્રિલે પ્રસારીત થયેલા એપિસોડને દુનિયાભરમાં ૭.૭ કરોડ લોકોએ જોયો,આ નંબર સાથે આ શો એક જ દિવસમાં દુનિયાભરમાં સૌથી વધુ જોવાયેલો શો બની ગયો છે.

જ્યારથી રામાયણ રી ટેલિકાસ્ટ થયું છે, ત્યારથી ટીઆરપીનાં લિસ્ટમાં તે નંબર ૧ છે. થોડા દિવસ પહેલા પ્રસાર ભારતીનાં સીઇઓ શશી શેખરએ જણાવ્યું હતું.

જે પ્રમાણે ૨૦૧૫થી લઇને અત્યાર સુધી જનરલ એન્ટટેઇનમેન્ટ કેટેગરી (સિરિયલ્સ)નાં મામલે આ શો ટોપ પર છે,વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધી સૌથી વધુ ટીઆરપી જનરેટ કરનારો હિંદી જનરલ એન્ટરટેઇનમેન્ટ શો રામાયણ છે.

તાજેતરમાં વેબ સર્વિસ પ્રોવાઇડર યાહુએ એક સર્વે રીલીઝ કર્યો છે, અત્રે ઉલ્લેખનિય છે કે આ સર્વે છેલ્લા એક મહિનામાં યુઝર્સનાં ડેઇલી સર્ચનાં આધાર પર છે.

તેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં કોનાં અંગે સૌથી વધુ સર્ચ કરવામાં આવે છે,મનોરંજનની વાત કરીએ તો તેમાં સૌથી વધુ કનિકા કપૂર અને રામાયણ અંગે સર્ચ કરવામાં આવ્યું છે.

નગરસેવિકા અશ્વિની દીપકબાબા હાંડે દ્વારા જરૂરિયાતમદોને અનાજનું વિતરણ

અક્ષયતૃતીયા નિમિત્તે અશ્વિની તથા દીપકબાબા હાંડે દ્વારા શિવસેના શાખા ક્રમાંક ૧૨૮ ખાતે જરૂરિયાતમંદોને અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગની તસ્વીરોમાં તેમણે જરૂરિયાતમંદોના ફોટો લઈ તેમના ચહેરા પર સ્માઈલી મુકી સોશ્યલ મીડિયા પર અપલોડ કરતા તે તસ્વીરો ખૂબ શેર થઈ હતી અને ખરા અર્થમાં લોકોના ચહેરા પર સ્માઈલ લાવવામા તેઓ સફળ થયા હતા.

થાણા ખાતેના ટીપટોપ પ્લાઝા દ્વારા કોમ્યુનિટી કિચન

થાણા ખાતેના ટીપટોપ પ્લાઝાના રોહિત શાહ અને મનોજ શાહ દ્વારા વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને કોમ્યુનિટી

કિચન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ૨૦૦૦થી વધુ લોકો માટે નિઃશુલ્ક લંચ અને ડીનરનાં પેકેજ

આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. થાણાના પાલક મંત્રી એકનાથ શિંદે અને થાણાના કલેક્ટર

રાજેશ નોર્વેકરની અપીલને પગલે કોમ્યુનિટી કિચન શરૂ કરવામાં આવ્યું છે. ટીપટોપ દ્વારા ૨૦ ડોક્ટર્સ માટે રહેવા ખાવા પીવાની વ્યવસ્થા ટીપટોપમાં કરવામાં આવી છે.

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્ત્વ રિસર્ચ સેન્ટર, રાજનગર, પર્લીના રાજરોટી એકમ દ્વારા કોરોનાના સમયમાં કરૂણા-નિઃશુલ્ક જમવાનું ખાખરાનું વિતરણ

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્ત્વ રિસર્ચ સેન્ટર, રાજનગર પર્લી દ્વારા, પરમ પૂજ્ય પ્રેમ આચાર્યજી (પરમ પૂજ્ય પપ્પાજી) અને પૂજ્ય નિલેશભાઈના માર્ગદર્શન હેઠળ, નિઃસહાય વૃધ્ધ, આર્થિક રીતે અસક્ષમ, શારીરિક રીતે અસક્ષમ અને ગરીબ લોકો માટે કોઈ પણ ધર્મ કે જાતિના ભેદભાવ વગર ''રાજરોટી'' નામે સાત્વિક જૈન ભોજન ૧૧ વર્ષથી મુલુંડ, ૫ વર્ષથી માટુંગા અને બોરીવલી વેસ્ટ ખાતે લેનારના સન્માનને ઠેસ ન પહોંચે એ દ્રષ્ટિએ નિશુલ્ક આપવામાં આવે છે. હાલમાં કોરોનાના કારણે લોકડાઉનની વિષમ પરિસ્થિતિમાં પણ રાજરોટીની આ સેવા મુલુંડ અને બોરીવલી સેન્ટર ખાતે ચાલુ જ છે. પોલીસ વિભાગ અને લોક પ્રતિનિધિ નો સહકાર મળેલ છે. કોરોનાના કારણે થયેલા લોકડાઉનમાં રોજના ટીફીન ઉપરાંત, સંસ્થાના ચાકરી વિભાગમાં બનાવેલા હાયજિનીક ખાખરાના બે પેકેટ દર અઠવાડિયે નિઃશુલ્ક આપવામાં આવે છે જેથી તેમની ક્ષુધાતૃપ્તિમાં વધારાનો સહારો મળી રહે. આ રીતે તેઓ સાંજનુ ભોજન કરી લે છે. સખીદિલ દાતાઓના સહયોગથી અને સંસ્થાના સેવાભાવી કાર્યકરોની મહેનતથી અત્યાર સુધી છેલ્લા ૧૧ વર્ષથી કાર્યરત મુલુંડ સેન્ટરમાં રોજના ૮૫ને હિસાબે કુલ ૩,૪૧,૨૭૫ લોકોએ અને ૫ વર્ષથી કાર્યરત બોરીવલી સેન્ટરમાં રોજના ૮૬ ને હિસાબે

કુલ ૧,૫૫,૧૨૫ લોકોએ રાજરોટીનો લાભ લીધો છે. માનવતાના આ કાર્યમાં સહયોગ આપવા આપ ૯૩૨૩૩ ૩૩૯૮૩ (મુલુંડ) અને ૮૮૫૦૧૧૧૯૧૪ (બોરીવલી) પર સંપર્ક કરી શકો છો.

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી એ નમ્રમુનિ મ.સા. સાથે વાર્તાલાપ કરી આશીર્વાદ લીધા

સમસ્યાઓનો સાગર છે પરંતુ સાગર તેનેજ ડુબાડે છે જેને તરતા નથી આવડતું!!!

કોરોના ની સમસ્યા નો સાગર ભલે હોઈ તમને તરતા આવડે છે એટલે ગુજરાત ને તમે તારી શકશો

આવા ભાવ ભર્યા શબ્દો થી રાષ્ટ્રસંત પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ગુજરાત રાજ્ય ના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે વીડિયો કોન્ફરન્સથી વાર્તાલાપ કરતા આશીર્વાદ આપ્યા હતા

સાધુ સાધ્વીજીની શાતા પૂછતા વિજયભાઈ રૂપાણી એ પોતાના ભાવ દર્શાવતા ગુજરાત ના ખૂણે ખૂણેથી સરકાર ના પ્રયાસો ની જાણકારી આપી હતી

આ પાવન ક્ષણે રાષ્ટ્રસંત પ.પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. જણાવેલ કે દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી થી લઇ ને દરેક રાજ્ય ના મુખ્ય પ્રધાનો , ડોક્ટરો મિડિયાજગત પોલીસો

સફાઈ કામદારો અને પ્રશાસન ના દરેક વ્યક્તિ ની સેવા મહેનત અભિનંદન ને પાત્ર છે

વિજયભાઈ રૂપાણી એ કચ્છ જિલ્લા ના તુના બંદરે થઈ જીવતા પશુ ની નિકાસ બંધ કર્યા ની વાત કરતા શ્રી નમ્રમુનિ મ.સા.એ આનંદ વિભોર થઈ ને સમગ્ર અહિંસા પ્રેમી ભાવિકો તરફ થી અભિનંદન અર્પણ કરેલ

અંત માં પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજે વિજયભાઈ ને તેમનું આરોગ્ય સારું રહે અને કોરોના સામે ના જંગ માં જીતી ને બહાર આવે તેવી શુભેચ્છા સાથે આશીર્વાદ આપ્યા હતા

જિંગલબેલ પ્રી સ્કૂલ દ્વારા લોકડાઉનમાં કીડ્સ અને ટીચર્સ દ્વારા એકબીજાને ફોટોના માધ્યમે એકબીજાને યાદ કરી રહ્યા હોય એવો સંદેશો વહેતો મૂકવામાં આવ્યો હતો. આ તસ્વીર જિંગલબેલ સ્કૂલના જયશ્રી પટેલ (ફાઉન્ડર અને પ્રિન્સીપલ)એ મોકલી હતી.

વોઈસ ઓફ ઘાટકોપરના વોટ્સએપ નેટવર્ક તથા ગ્રુપમાં જોડાવવા માટે ઘાટકોપરવાસીઓને આમંત્રણ

કોરોના સંબંધી પ્રમાણિત માહિતી મેળવવા માટે વોઈસ ઓફ ઘાટકોપરના વોટ્સ એપ ગ્રુપમાં જોડાઓ

ઘાટકોપરના ન્યુઝ

કોરોના અપડેટ્સ

વોઈસ ઓફ ઘાટકોપર on Whats App

રાષ્ટ્રીય/ આંતરરાષ્ટ્રીય સમાચારો

બ્રોડકાસ્ટ અપડેટ્સ

ઘાટકોપરની સમસ્યાઓ

STEPS

1) Add 9022279684 to your contact list as Voice of Ghatkopar
2) Send Whatapp Message to above number with your Full Name and Full Address (For Ghatkopar Residents only)
3) Start Receiving Broadcast Messages on Whatsapp
4) You can share Problems/Complaint of your Area, News Updates and Celebration Photos of your Society etc In Whatsapp group

Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**